પ્રકરણ : ૩૧

# સાચા સુખનો એકમાત્ર ઉપાય : સમ્યક્ત્વ




**પ્રકરણની રૂપરેખા**


✿ પ્રાસ્તાવિક
● ૧. શા માટે સમ્યક્ત્વ જ સુખની પ્રાપ્તિનો એક માત્ર ઉપાય છે ?
- ૧.૧.દુઃખ સંબંધી સઘળી શંકાઓ તેને ટાળવાનો ઉપાય સમ્યક્ત્વ જ દર્શાવે છે.
- ૧.૨.સુખ પોતાનો સ્વભાવ છે અને સ્વાભાવિક સુખનો ઉપાય તે સમ્યક્ત્વ છે.
- ૧.૩.દુઃખ કે સુખ પોતાના જ પરિણામ છે. મિથ્યાત્વથી દુઃખ છે તો તેથી વિપરીત સમ્યક્ત્વથી સુખ છે.
- ૧.૪.પોતાનું સુખ પરમાં નથી અને પોતામાં જ છે અને તે મેળવવાનો ઉપાય સમ્યક્ત્વ છે.

✿ અંચલિકા
● ૨. સમ્યક્ત્વ પ્રાપ્તિ માટે અનિવાર્ય આવશ્યકતા : સંસારમાં સુખબુદ્ધિનો અભાવ
- ૨.૧.સમ્યક્ત્વ માટેની પાત્રતા
- ૨.૨.સમ્યક્ત્વ માટેનું પ્રથમ પગલું
- ૨.૩.સમ્યક્ત્વ માટે જરૂરી આત્માર્થીતા અને પુરુષાર્થ

✿ અંચલિકા
● ૩. સમ્યક્ત્વ પ્રાપ્તિનો ક્રમ
- ૩.૧.સંસારમાં સુખબુદ્ધિનો અભાવ
- ૩.૨.આત્માર્થીપણું
- ૩.૩.ગૃહિત મિથ્યાત્વનો અભાવ
- ૩.૪.પાત્રતા
- ૩.૫.અગૃહિત મિથ્યાત્વનો અભાવ
- ૩.૬.સ્વ-પરનું ભેદજ્ઞાન
- ૩.૭.પક્ષાતિક્રાંતપણું
- ૩.૮.સમ્યક્ત્વ

✿ ઉપસંહાર
● અંતિમ સંદેશ


(હરિગીત)

*ગ્રહી મેરૂ પર્વત સમ અકંપ સુનિર્મળા સમ્યક્ત્વને*
*હે શ્રાવકો ! દુઃખનાશ અર્થે ધ્યાનમાં ધ્યાતવ્ય તે.*

ભાવાર્થ : અનાદિકાળથી ચાલ્યા આવતા અનેક પ્રકારના દુઃખોને ટાળવાનો એક માત્ર ઉપાય સુનિર્મળ સમ્યક્ત્વને ગ્રહણ કરી તેને મેરૂપર્વત સમાન નિશ્ચળપણે ધારણ કરવાનો છે. તેથી હે સુખેચ્છક શ્રાવકો ! તમારા દુઃખોના નાશ માટે તમે સમ્યગ્દર્શનના કારણભૂત શુદ્ધાત્માને જ લક્ષમાં લઈ તેનું જ ધ્યાન કરો. (મોક્ષપાહુડ : ગાથા ૮૬)

જીવના દુઃખનું મૂળ કારણ મિથ્યાત્વ અને સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ છે. તેથી દુઃખ મટાડી સુખ પ્રગટાવવા માટે મિથ્યાત્વ મટાડી સમ્યક્ત્વ પ્રગટ કરવું જરૂરી છે.

આ જીવને પોતાનું દુઃખ બિલકુલ પસંદ નથી. પોતાનું દુઃખ દુર કરવા માટે તે તનતોડ પ્રયત્ન કરે છે. અનાદિકાળથી આજ સુધીમાં દુઃખ મટાડવા માટે સમ્યક્ત્વ સિવાયના દરેક પ્રકારના ઉપાયો અજમાવવામાં આવ્યા છે. પણ તેથી અંશ માત્ર પણ દુઃખ દૂર થયું નથી.

શારીરિક દુઃખ દવા કરવાથી દૂર થતું હોય, ઈચ્છાઓનું દુઃખ ઈચ્છાનુસારના સાધનથી શમી જતું હોય, ભૂખનું દુઃખ ભાવતા ભોજનથી ભાગી જતું હોય, પ્યાસનું દુઃખ પાણીથી છીપી જતું હોય, માનસિક દુઃખ ધનાદિથી ટળી જતું હોય, જન્મ-મરણના દુઃખ ડોક્ટરથી દૂર રહેતા હોય, વૃદ્ધાવસ્થાના દુઃખ કાયાકલ્પથી અટકાવી શકાતું હોય, પાપોદયનું દુઃખ પુણ્યોદય આવતાં પૂરું થઈ જતું હોય તો દુઃખ મટાડવાનો આપણો ઉપાય કાંઈક કાર્યકારી કહેવાય. પરંતુ તેમ થતું જોવામાં આવતું નથી ત્યારે સહેજે જ સ્વીકારવું પડે એમ છે કે દુઃખ દૂર કરવાનો ઉપાય કોઈ જુદો જ છે.

પુણ્યોદય અનુસાર પ્રવૃત્તિથી થતાં ઈચ્છાનુસારના સાધનને સુખ માનવામાં આવે છે પણ આ સાધન પણ તદ્દન જૂઠ્ઠું છે તે આપણે જોઈ ગયા છીએ. દુઃખ દૂર કરવા માટે આપણે જે કોઈ ઉપાયો કર્યા છે તેનાથી આપણું દુઃખ દૂર થયું નથી, થતું નથી અને થશે પણ નહીં. તેથી આ બધા પરલક્ષી ઉપાયો વ્યર્થ છે. દુઃખ દૂર કરી સુખ પ્રગટાવવા માટે એક માત્ર સ્વલક્ષી ઉપાય સમ્યક્ત્વ જ બાકી રહે છે. જેણે આવો ઉપાય કર્યો છે તેઓ હંમેશાં સુખી જ થયા છે. તેથી સાચા સુખનો એકમાત્ર ઉપાય સમ્યક્ત્વ જ જણાય છે.

## ૧. શા માટે સમ્યક્ત્વ જ સુખની પ્રાપ્તિનો એક માત્ર ઉપાય છે ?

(હરિગીત)

*જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,*
*સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત*

ભાવાર્થ : પોતાના શુદ્ધાત્મસ્વરૂપની સમજણ એટલે કે સમ્યગ્દર્શન વિના આ જીવે પાર વિનાના દુઃખો ભોગવ્યા છે. તેથી શુદ્ધાત્મસ્વરૂપની સાચી સમજણ આપી સમ્યગ્દર્શનમાં સહાયભૂત થનાર આત્મજ્ઞાની ગુરુ ભગવંતને મારા નમસ્કાર છે.

(શ્રીમદ્ રાજચંદ્ર : આત્મસિદ્ધિ : ગાથા ૧)

પોતાની પાસે પૈસા નથી, સત્તા નથી, સંપત્તિ નથી, સ્વાસ્થ્ય નથી કે બીજી કોઇ સાનુકૂળતા નથી માટે પોતે દુ:ખી નથી. સંસારની પ્રતિકૂળતાઓને દુ:ખ માનવામાં આવે છે પણ તે ક્ષણિક અને તૂચ્છ છે. વાસ્તવમાં પોતાના શુદ્ધાત્મસ્વરૂપની અણસમજણ એટલે કે મિથ્યાત્વ પોતે જ મહાદુ:ખ છે. આ મિથ્યાત્વ જ જીવના સઘળાં દુ:ખોનું એક માત્ર મૂળ કારણ છે. તેથી દુ:ખ ટાળવા માટે મિથ્યાત્વ ટાળી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો ઉપાય કરવો જોઇએ. સમ્યક્ત્વ સિવાય કોઈપણ પ્રકારે કિંચિત્ પણ સુખની પ્રાપ્તિ થતી નથી. સુખની પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય સમ્યક્ત્વ જ છે. આ બાબતની સમજૂતી નીચેના મુદ્દાઓ મુજબ આપવામાં આવે છે.


૧.૧.દુ:ખ સંબંધી સઘળી શંકાઓ તેને ટાળવાનો ઉપાય સમ્યક્ત્વ જ દર્શાવે છે.

૧.૨.સુખ પોતાનો સ્વભાવ છે અને સ્વાભાવિક સુખનો ઉપાય તે સમ્યક્ત્વ છે.

૧.૩.દુ:ખ કે સુખ પોતાના જ પરિણામ છે. મિથ્યાત્વથી દુ:ખ છે તો તેથી વિપરીત સમ્યક્ત્વથી સુખ છે.

૧.૪.પોતાનું સુખ પરમાં નથી અને પોતામાં જ છે અને તે મેળવવાનો ઉપાય સમ્યક્ત્વ છે.

## ૧.૧.દુ:ખ સંબંધી સઘળી શંકાઓ તેને ટાળવાનો ઉપાય સમ્યક્ત્વ જ દર્શાવે છે.



અનાદિકાળથી આ જીવ પોતાના દુ:ખ દૂર કરવા નિરંતર ઉદ્યમશીલ છે. પણ તેથી તેનું દુ:ખ જરાય દૂર થયું નથી. તેથી તે સંબંધી અનેક શંકાઓ ઉદ્ભવે છે. પણ આવી સઘળી શંકાઓનું સમાધાન મળે છે અને તેમાં સુખનો એકમાત્ર ઉપાય સમ્યક્ત્વ જ છે તેવો સાર નીકળે છે. કેટલીક શંકાઓ અને તેનું સમાધાન નીચે મુજબ છે.

શંકા ૧ : શું દુ:ખ પોતાનો સ્વભાવ હશે ?

શંકા ૨ : શું આ જીવ દુ:ખી થવા માટે સર્જાયેલો હશે ?

શંકા ૩ : શું પોતાનું ભવિતવ્ય દુ:ખરૂપ જ હશે ?

શંકા ૪ : શું પૂર્વના પાપકર્મના ફળપણે દુ:ખ ભોગવવું જરૂરી હશે ?

**શંકા ૧ : શું દુ:ખ પોતાનો સ્વભાવ હશે ?**

**સમાધાન :** દુ:ખ ગમતું નથી, દુ:ખ ટકતું નથી માટે દુ:ખ એ આત્માનો સ્વભાવ નથી.

દુ:ખ આત્માને પ્રતિકૂળ છે. વળી તે ક્ષણિક અને નાશવંત છે. દુ:ખ વિના પણ આત્માનું અસ્તિત્વ હોય છે. તેથી દુ:ખ એ આત્માનો વિભાવ છે પણ સ્વભાવ નથી. દુ:ખથી વિરુદ્ધ સુખ આત્માને અનુકૂળ છે. તે સાદિ-અનંતપણે શાશ્વત અને અવિનાશીપણે પ્રગટે છે. કોઈપણ શુદ્ધ અવસ્થા ધરાવતો જીવ સુખ વિનાનો હોતો નથી. તેથી સુખ એ જ આત્માનો સ્વભાવ છે.

વર્તમાનમાં જીવ દુ:ખી છે તે જ તેના સુખ સ્વભાવને બતાવે છે. સ્વભાવના સુખ વિના દુ:ખની વિભાવદશા પણ હોય નહીં. જો દુ:ખ પોતાનો સ્વભાવ હોય તો દુ:ખનો અભાવ ક્યારેય ન થાય. પણ દુ:ખનો અભાવ થઈ શકે છે. તેથી પણ દુ:ખ પોતાનો સ્વભાવ નથી.

સુખ સ્વભાવનો સ્વીકાર અને આશ્રય જ પોતાની પરિણતિમાં સુખની ઉત્પત્તિ કરાવે છે. સુખ સ્વભાવની પ્રાપ્તિ તે જ સમ્યક્ત્વ છે. તેથી સ્વભાવિક સુખની પ્રાપ્તિનો ઉપાય એક માત્ર સમ્યક્ત્વ જ છે.

**શંકા ૨ : શું આ જીવ દુ:ખી થવા માટે જ સર્જાયેલો હશે ?**

**સમાધાન :** આ જીવ અનાદિકાળથી દુ:ખી છે. પણ તેથી તે દુ:ખી થવા માટે જ સર્જાયેલો છે એમ કહી શકાય નહિ. દરેક જીવ પોતાનું દુ:ખ દૂર કરવા માટેનો વિચાર અને પ્રયત્ન અવિરતપણે કરતો જ રહે છે. તેની સઘળી પ્રવૃતિ દુ:ખ ટાળી સુખ પ્રગટાવવા માટેની જ હોય છે. જીવનો સ્વભાવ દુ:ખ નથી પણ સુખ છે. તેથી તે દુ:ખી થવા માટે નહિ પણ સુખી થવા માટે જ સર્જાયેલો છે. સુખ પ્રગટાવવા માટેનું સાધન સમ્યક્ત્વને જ્યારે આ જીવ સાધશે ત્યારે સુખી થશે. અનેક મહાપુરુષોએ પોતાનું અનાદિનું દુ:ખ સમ્યક્ત્વની સાધના વડે દૂર કર્યુ છે અને તે માટેનો જ સદુપદેશ આપ્યો છે. સાંપ્રતકાળે પણ સમ્યક્ત્વની સાધના વડે જીવો સુખી થતા જોવા મળે છે. તેથી નક્કી થાય છે કે આ જીવ દુ:ખી થવા માટે સર્જાયેલો નથી.

**શંકા ૩ : શું પોતાનું ભવિતવ્ય દુ:ખરૂપ જ હશે ?**

**સમાધાન :** અભવ્ય જીવનું ભવિતવ્ય દુ:ખરૂપ હોય પણ

ભવ્ય જીવનું તેવું હોય નહિ. સંસારનું કહેવાતું સુખ એ ખરેખર સુખ નથી પણ દુઃખ છે એ પોતે સમજી શકે તો તે જ બાબત પોતાના ભવ્યપણાને પ્રસ્થાપિત કરે છે. જો પોતે ભવ્ય છે તો પોતાનું ભવિતવ્ય પોતાના પુરુષાર્થ પર નિર્ભર હોય છે. પોતે સમ્યક્ત્વ-સન્મુખતાનો સવળો પુરુષાર્થ કરે તો પોતાનું ભવિતવ્ય સુખરૂપ જ હોય છે. પોતે પોતાના ભવિતવ્યના કારણે દુઃખી છે તેમ માનવાને બદલે પોતાના પુરુષાર્થની ખામીના કારણે જ દુઃખી છે તેમ માનવું વ્યાજબી છે. પોતાનો પુરુષાર્થ સ્વાધીન અને સફળ હોય છે. અને પોતાના પુરુષાર્થ પ્રમાણે પોતાનું ભવિતવ્ય પણ હોય છે. પોતે પોતાનું દુઃખ દૂર કરવા માટે સમ્યક્ત્વ-સન્મુખતાનો સવળો પુરુષાર્થ કરે અને પોતાનું ભવિતવ્ય દુઃખરૂપ હોય તેમ બની શકે નહિ.

**શંકા ૪ : શું પૂર્વના પાપકર્મના ફળપણે દુઃખ ભોગવવું જરૂરી હશે ?**

**સમાધાન :** જીવના દુઃખનું મૂળ કારણ તેનું પાપકર્મ નથી પણ મિથ્યાત્વ છે. જેનું મિથ્યાત્વ ટળી ગયું છે તેવા સમ્યગ્દષ્ટિ ધર્માત્મા પાપકર્મનો ઉદય હોવા છતાં અજ્ઞાની જેવા દુઃખી થતા નથી. સમ્યગ્દષ્ટિ નારકી પાપકર્મના ઉદયની વચ્ચે પણ આત્મિક સુખ મેળવી લ્યે છે.



સમ્યગ્દષ્ટિ નારકી પાપકર્મના ઉદયની વચ્ચે પણ આત્મિક સુખ મેળવી લ્યે છે તે દર્શાવતું ચિત્ર

પૂર્વે જે સમયે પાપ કર્યું તે જ સમયે તેનું આકુળતામય દુઃખ ભોગવાઇ જાય છે. તેથી તેનું નિશ્ચય ફળ તે જ સમયે હોય છે અને તે પાપનું વ્યવહાર ફળ તેના કારણે બંધાયેલ પાપકર્મનો ઉદય છે. પાપકર્મના ઉદયને વશ થઈ પોતે દુઃખી થાય તેમાં પોતાનો જ દોષ છે. કેટલાંક મહામુનિરાજો પાપના ઉદયને વશ થયા વિના ઉપસર્ગ કે પરિષહના પ્રસંગમાં કેવળજ્ઞાન અને મોક્ષ પ્રગટાવે છે. તેથી પાપકર્મના ઉદયના ફળપણે દુઃખ ભોગવવું જરૂરી હોતું નથી.

નરકની વેદના પણ સમયક્ત્વનું સાધન થઇ શકે છે.કોઇ વખત મનુષ્યને પણ પાપનો ઉદય સમ્યક્ત્વરૂપી ધર્મનું સાધન કરાવી સાચા સુખની પ્રાપ્તિ કરાવે છે. તેથી જ કહેવાયું છે કે **आर्त नरा धर्म परा भवन्ति ।**

**ભાવાર્થ : ઘણું કરીને પાપના ઉદયથી દુઃખી થયેલા મનુષ્યો ધર્મસન્મુખ થાય છે.**

( પરમાત્મપ્રકાશ : અ. ૨, ગાથા ૫૬૦ની ટીકા )

ઉપરોક્ત પ્રકારે દુઃખ સંબંધી સઘળી શંકાઓ તેને ટાળવાનો ઉપાય સમ્યક્ત્વ જ દર્શાવે છે.

## ૧.૨. સુખ એ પોતાનો સ્વભાવ છે અને સ્વાભાવિક સુખનો ઉપાય તે સમ્યક્ત્વ છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. જ્ઞાન અને સુખ અભિન્ન છે. તેથી જ્યાં જ્ઞાન હોય ત્યાં સુખ હોય છે અને જ્યાં જ્ઞાન નથી ત્યાં સુખ હોતું નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ જ તેના સુખસ્વભાવને સ્થાપનારો છે.

સમયસારની આત્મખ્યાતિ ટીકાના પરિશિષ્ટમાં આત્માના જ્ઞાનસ્વભાવની અંદર સમાતી અનંત શક્તિઓ પૈકી ૪૭ શક્તિઓનું વર્ણન છે. તેમાં અનાકુળતા લક્ષણવાળી સુખશક્તિનો પાંચમાં ક્રમે સમાવેશ છે. તેથી સુખ એ આત્માની મુખ્ય શક્તિ એટલે કે તેનો સ્વભાવ છે.

આત્માને દુઃખ હોય છે પણ તે તેને પ્રતિકૂળ છે તેથી દુઃખ એ આત્માનો વિભાવ છે અને તેથી વિપરીત સુખ એ તેનો સ્વભાવ છે. સુખરૂપ સ્વભાવ વિના દુઃખરૂપ વિભાવ હોય નહિ. તેથી જીવનો દુઃખરૂપ વિભાવ જ તેના સુખરૂપ સ્વભાવને બતાવનારો છે.

દરેક આત્મા સુખને ઈચ્છે છે અને સુખની શોધમાં હોય છે. જો પોતાનો સ્વભાવ સુખરૂપ ન હોય તો તે સુખને ઈચ્છે નહિ અને સુખની શોધ કરે નહિ. તેથી પણ આત્મા સુખસ્વભાવી છે એમ નક્કી થાય છે.

આત્માના સુખસ્વભાવની પ્રગટતા આત્માના જ્ઞાન-શ્રદ્ધાન-આચરણથી હોય છે. આત્માનું જ્ઞાન એટલે કે સમ્યગ્જ્ઞાન, શ્રદ્ધાન એટલે કે સમ્યગ્દર્શન અને આચરણ એટલે કે સમ્યક્ચારિત્ર છે. આત્માના સ્વાભાવિક સુખનો ઉપાય આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે કે સમ્યક્ત્વ છે.

## ૧.૩. દુઃખ કે સુખ પોતાના જ પરિણામ છે, મિથ્યાત્વથી દુઃખ છે તો તેથી વિપરીત સમ્યક્ત્વથી સુખ છે.

સંસાર અવસ્થામાં પોતાનો આત્મા જ કહેવાતા સાંસારિક સુખ કે દુઃખરૂપ પરિણમે છે. પણ શરીર, ઇન્દ્રિયો કે પરવિષયો પરિણમતા નથી. સુમધુર સંગીતમાંથી, ફીચર ફિલ્મમાંથી, ઉત્તમ ખૂશ્બુમાંથી, સ્વાદિષ્ટ ભોજનમાંથી કે સુંદર સ્ત્રીના વિષયમાંથી સુખ આવતું નથી. આ પરવિષયોમાં કોઈ સુખ હોતું જ નથી. પણ આ વિષયોના લક્ષે આત્મા પોતે જ પોતાની કહેવાતી સુખ પરિણતિને

પામે છે. કોઈ પુરુષ સ્વપ્નમાં ઇષ્ટ વિષય ભોગવવાનું સુખ માણે છે અને કોઈ સ્વપ્નમાં અનિષ્ટ વિષય પામી દુઃખ માને છે તે બતાવે છે કે કહેવાતી સુખ-દુઃખરૂપ પરિણતિ પોતાની જ છે. વળી કોઈ એક વિષય એક સમયે સુખરૂપ ભાસે છે તે જ વિષય કોઇ બીજા સમયે દુઃખરૂપ પણ ભાસે છે. આ બધાંના કારણે સુખ કે દુઃખ પરમાં નથી પણ પોતાના આત્માના જ પરિણામ છે તે નક્કી થાય છે.

જીવના દુઃખનું મૂળ કારણ મિથ્યાત્વ છે અને સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ છે. મિથ્યાત્વના સદ્ભાવમાં જીવ ક્યારેય કિંચિત્ પણ સાચો સુખી હોતો નથી. આત્માનું સાચું સુખ સમ્યક્ત્વના સદ્ભાવમાં જ સંભવે છે. મિથ્યાદષ્ટિ દેવ અનેક પ્રકારના સાનુકૂળ સંયોગોની વચ્ચે પણ નિરંતર દુઃખી છે અને સમ્યગ્દષ્ટિ નારકી અનેક પ્રકારના પ્રતિકૂળ સંયોગોની વચ્ચે પણ નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ સમયે આત્મિક સાચા સુખનો અનુભવ મેળવી લ્યે છે. તેથી દુઃખ કે સુખ પોતાના જ પરિણામ છે. મિથ્યાત્વથી દુઃખ છે અને તેથી વિપરીત સમ્યક્ત્વથી સુખ છે.

## ૬.૪. પોતાનું સુખ પરમાં નથી અને પોતામાં જ છે. અને તે મેળવવાનો ઉપાય સમ્યક્ત્વ છે.

એક દ્રવ્ય કે તેનો કોઇ ગુણ બીજા કોઈ દ્રવ્યરૂપે દ્રવ્યાંતરપણે કે તેના કોઇ ગુણરૂપે ગુણાંતરપણે સંક્રમણ પામી શકતો નથી. દ્રવ્યાંતર કે ગુણાંતરપણે સંક્રમણ નહિ પામતો કોઈ પરપદાર્થ પોતાથી વેદી કે ભોગવી શકાતો નથી. તેથી આ જીવ કોઈ પરવિષયો કે પરપદાર્થોને વેદતો કે ભોગવતો નથી. પણ પરના લક્ષે થતા પોતાના પરિણામને જ ભોગવે છે કે જે હંમેશાં વિભાવના જ હોય છે. અને આ વિભાવ દુઃખરૂપ જ હોય છે. તેથી પરમાંથી પોતાનું સુખ મેળવવાનો કોઈ સવાલ જ નથી. વાસ્તવમાં કોઈ પરપદાર્થમાં પોતાનું સુખ હોતું જ નથી. પરમાં સુખ હોય તોપણ તે પોતાને મળતું નથી. અરિહંત ભગવાનમાં અનંત સુખ છે પણ તે પોતે મેળવી શકતો નથી. તેથી પોતાનું સુખ પરમાં હોતું નથી અને પોતામાં જ હોય છે તે નક્કી થાય છે. જેમ સૂર્ય પોતાના સ્વભાવથી ઉષ્ણપણે છે તેમ આત્મા પોતાના સ્વભાવથી જ સુખપણે છે. પોતાનો આત્મા સુખસ્વભાવી ન હોય તો તે સુખ પોતાને બીજે ક્યાંયથી મળી શકતું નથી. હંમેશા પ્રાપ્યની જ પ્રાપ્તિ થાય છે. સુખ પોતાનો સ્વભાવ છે અને પોતાનામાંથી જ પોતાને મળી શકે છે. આત્માના સુખસ્વભાવની પ્રતીતિ, જ્ઞાન અને આચરણથી એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમ્યક્ત્વના પરિણામથી તે સુખની પ્રગટતા હોય છે. મિથ્યાત્વના કારણે સુખસ્વભાવનો ઘાત થઈ તેની વિભાવરૂપ દુઃખદશા હોય છે. અને સમ્યક્ત્વના કારણે સુખસ્વભાવની પ્રગટતા થઈ તેની સ્વાભાવિક સુખદશા હોય છે. તેથી પોતાનું સુખ પરમાં નથી અને પોતામાં જ છે. પોતાના સ્વભાવિક સુખની પ્રાપ્તિનો ઉપાય તે જ સમ્યક્ત્વ છે.

ઉપરોક્ત ચારેય પ્રકારે આત્માના સુખનો એકમાત્ર ઉપાય સમ્યક્ત્વ છે તેમ સમજી શકાય છે.

### અંચલિકા

સમ્યગ્દષ્ટિ ધર્માત્માએ સાચા સુખની પ્રાપ્તિ કરી સંસારનો અંત આણ્યો હોવાથી તેઓ સજ્જન અને સંત કહેવાય છે. મિથ્યાદષ્ટિ જીવો આત્મિક સુખથી અજાણ રહીને સંસારમાં રખડતા રહેવાથી તેઓ દુર્જન અને અનંત સંસારી કહેવાય છે. જગતમાં જ્ઞાની ધર્માત્મા પોતાના સમ્યક્ત્વના પ્રતાપે સુખી હોય છે અને અજ્ઞાની પોતાના મિથ્યાત્વના કારણે દુઃખી હોય છે. અજ્ઞાની પોતાના અજ્ઞાનના કારણે સંસારમાં રખડે છે અને તેથી પોતાની આકુળતારૂપ અકળામણનો અંત આણી શકતા નથી. સાચા સુખની સમજ કરી તેની પ્રાપ્તિ ન કરી શકનારા આવા અજ્ઞાની દુર્જનો આત્મહિતનો અમૂલ્ય અવસર ગુમાવનાર હોવાથી મુર્ખમાં પણ મુખ્ય છે. પ્રાચીન દોહરાના આધારે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ બાબતને નીચેના શબ્દોમાં કહે છે—

સુખિયા જગતમેં સંત દુરિજન દુઃખિયા રે...
ન આવે અકળામણનો અંત મૂરખમાં મુખિયા રે...

ભાવાર્થ : જગતમાં સુખનું એક માત્ર કારણ સમ્યક્ત્વ જ છે. તેથી સમ્યગ્દષ્ટિ સંત જગતમાં સુખી છે અને મિથ્યાદષ્ટિ જીવો દુઃખી છે. આત્મહિતનો અમૂલ્ય અવસર ગુમાવી જે મિથ્યાદષ્ટિ દુર્જન અનંત સંસારમાં રખડે છે તે પોતાની આકુળતામય અકળામણનો અંત આણતો નથી તેથી તે મૂર્ખમાં પણ મુખ્ય છે.

## ૯. સમ્યક્ત્વ પ્રાપ્તિ માટેની અનિવાર્ય આવશ્યકતા : સંસારમાં સુખબુદ્ધિનો અભાવ

यदि संसार विषे सुख हो तो तीर्थंकर क्यों त्यागे ?
काहे को शिवसाधन करते संयम सो अनुरागे ?

ભાવાર્થ : જો સંસારમાં કિંચિત્ પણ સુખ હોય તો તીર્થંકર જેવા મહાપુરૂષો તેનો ત્યાગ શા માટે કરે ? શા માટે તેઓ સંસારથી વિરક્ત થઈ સંયમના અનુરાગી થાય ? આત્માના મોક્ષમાર્ગમાં સુખ ન હોય તો તેઓ મોક્ષમાર્ગ માટે

સમ્યક્ત્વનું સાધન શા માટે કરે ? તેથી નક્કી થાય છે કે સંસારમાં ક્યાંય સુખ નથી પણ તે માત્ર આત્માના મોક્ષમાર્ગમાં જ છે.

(પંડિત ભૂધરદાસ કૃત વૈરાગ્યભાવના : કડી નં. ૭નો પૂર્વાર્ધ)

તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ જેવા મહાપુરુષો સંસારનો સર્વથા ત્યાગ કરી આત્મહિતની સાધના કરવા વનજંગલમાં ચાલી નીકળે છે. તે બતાવે છે કે સંસારમાં ક્યાંય સુખ નથી અને પોતાનું સુખ પોતાના આત્મામાં જ છે. જેમને બહારમાં કોઈ વાતની ખામી નહોતી, જે ઈચ્છે તે મળતું હતું, જન્મથી અને જન્મ પહેલાં પણ ઈન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, અનેક પ્રકારની વિદ્યાઓ, ઋદ્ધિઓ અને સિદ્ધિઓથી જે સભર હતા. અપ્સરા જેવી અનેક રાણીઓનું જેઓ સૌભાગ્ય હતા. લોકો જેમને ભગવાન કહીને સંબોધતા એવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી પણ બધી જ બહારની સામગ્રીનો ત્યાગ કરી, ઉપસર્ગ-પરિષહની દરકાર કર્યા વિના આત્માની સાધનામાં જ 'લવલીન રહે છે તે જ દર્શાવે છે કે સંસારમાં ક્યાંય સુખ નથી. આત્મિક સુખ માટે સમ્યક્ત્વ પ્રાપ્તિ જરૂરી છે અને આ સમ્યક્ત્વ પ્રાપ્તિની અનિવાર્ય આવશ્યકતા એટલે સંસારમાં સુખબુદ્ધિનો અભાવ છે. આ બાબતની વિશેષ ચર્ચા નીચેના મુદ્દાઓના આધારે કરવામાં આવે છે.

૨.૧. સમ્યક્ત્વ માટેની પાત્રતા


૨.૨. સમ્યક્ત્વ માટેનું પ્રથમ પગલું

૨.૩. સમ્યક્ત્વ માટે જરૂરી આત્માર્થીતા અને પુરુષાર્થ

## ૨.૧. સમ્યક્ત્વ માટેની પાત્રતા

સમ્યક્ત્વ માટેની લાયકાત, યોગ્યતા કે પાત્રતા માટે

૧. સંસાર પ્રત્યેનો વૈરાગ્ય,
૨. વિષયોની વિરક્તતા,
૩. કષાયોની ઉપશાંતતા,
૪. પરિગ્રહોનું પરિમાણ,
૫. પ્રાણી પ્રત્યે અનુકંપા,
૬. ભવપ્રત્યેનો ખેદ,
૭. વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની આસ્થા,
૮. તત્ત્વનો વિચાર,
૯. ચિત્તની સ્થિરતા
જેવી બાબતો જરૂરી હોય છે.



સંસારમાં સુખબુદ્ધિના ત્યાગ વિના આવી કોઈ બાબત પ્રગટતી નથી અને સંસારમાં સુખબુદ્ધિનો ત્યાગ થતા તે સહજપણે પ્રગટે છે. તે આ રીતે —

**૧. સંસાર પ્રત્યેનો વૈરાગ્ય:** સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતા માટે સંસાર પ્રત્યેનો વૈરાગ્ય આવશ્યક છે. સંસારનો ખરેખરો ત્રાસ અને થાક હોય તો જ સંસાર પ્રત્યે વૈરાગ્ય આવે છે. સંસારની પ્રતિકૂળતાઓથી તો બધાંને સંસારનો ત્રાસ અને થાક લાગે છે. પણ સાનુકૂળતઓમાં પણ ત્રાસ અને થાક ભાસે તો જ તે સાચો ગણાય. સંસારમાં સુખબુદ્ધિ ટળ્યા વિના આવો ત્રાસ અને થાક આવતો નથી. તેથી સંસાર પ્રત્યેના વૈરાગ્ય માટે સંસારમાં સુખબુદ્ધિ ટળવી જરૂરી છે.

**૨. વિષયોની વિરક્તતા:** વિષયો પ્રત્યેની આસક્તિ એ જ સંસારમાં સુખબુદ્ધિ છે અને વિષયો પ્રત્યેની વિરક્તતા એ જ સંસારમાં સુખબુદ્ધિનો અભાવ છે. આ રીતે સંસારમાં સુખબુદ્ધિના અભાવ વિના વિષયોની વિરક્તતા સંભવતી નથી.

**૩. કષાયોની ઉપશાંતતા:** સાંસારિક પ્રયોજન માટે જ ક્રોધાદિ કષાયો હોય છે. સંસારમાં સુખબુદ્ધિ ટળી જતા સંસારનું પ્રયોજન પણ ટળી જાય છે. અને તેથી કષાયોનું પણ પ્રયોજન રહેતું નથી અને કષાયોની ઉપશાંતતા સહેજે બને છે.

**૪. પરિગ્રહોનું પરિમાણ:** સાંસારિક સુખ માટે પરિગ્રહોનો સંચય હોય છે પણ સંસારમાં સુખબુદ્ધિ ટળતા પરિગ્રહનું પરિમાણ આપમેળે આવી જાય છે.

**૫. પ્રાણી પ્રત્યે અનુકંપા:** પ્રાણી પ્રત્યેની ક્રુરતા અને પરપીડનવૃત્તિ તીવ્ર મિથ્યાત્વ અને મોહના કારણે હોય છે. સંસારમાં સુખબુદ્ધિ ટળતા આવો મિથ્યાત્વ અને મોહ અવશ્ય મંદ પડે છે અને તેથી પ્રાણી પ્રત્યે અનુકંપા ઉદ્ભવે છે.

**૬. ભવપ્રત્યેનો ખેદ:** ભવ પ્રત્યેના ખેદ વિના સંસારમાં સુખબુદ્ધિ ટળતી નથી. ખરેખર તો સંસારમાં સુખબુદ્ધિનો અભાવ એ જ ભવ પ્રત્યેનો ખેદ છે.

**૭. વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની આસ્થા:** વીતરાગી દેવ-ગુરુના શરણે કે આશ્રયે જ સંસારમાં સુખબુદ્ધિ ટળે છે. તેથી સંસારમાં સુખબુદ્ધિનો અભાવ હોય તેને વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની આસ્થા અવશ્ય હોય છે.

**૮. તત્ત્વનો વિચાર:** તત્ત્વનો વિચાર કરવાથી જ સંસારમાં સુખબુદ્ધિ ટળે છે. તેથી સંસારમાં

સુખબુદ્ધિ ટાળનારને તત્ત્વનો વિચાર હોય જ છે.

૯. **ચિત્તની સ્થિરતા:** સંસારમાંથી ચારેબાજુ સુખ મેળવવાની વૃત્તિના કારણે જ ચિત્તની ચંચળતા ઉદ્‌ભવે છે. પણ સંસારમાં સુખબુદ્ધિ ટળતાં ચિત્તની ચંચળતાનું કોઈ પ્રયોજન રહેતું નથી અને તેની સ્થિરતા સહેજે સંભવે છે.

ઉપર મુજબ સમ્યક્ત્વ માટેની દરેક પ્રકારની પાત્રતા માટે સંસારમાં સુખબુદ્ધિના અભાવની અનિવાર્ય આવશ્યકતા છે.

## ૨.૨. સમ્યક્ત્વ માટેનું પ્રથમ પગલું

આ જીવના સમ્યક્ત્વને રોકનારી અનાદિકાળથી ચાલી આવતી અનેક પ્રકારની મિથ્યા માન્યતાઓ હોય છે જેને અગૃહિત મિથ્યાત્વ કહે છે. તત્ત્વની અપ્રાપ્તિ, પુણ્યમાં ઉપાદેયપણું, પર્યાયદષ્ટિ, પરપદાર્થનું કર્તૃત્વ, દેહમાં મમત્વ જેવા અનેક પ્રકારના અગૃહિત મિથ્યાત્વ હોય છે. પણ આવા અનેક પ્રકારના અગૃહિત મિથ્યાત્વમાં પુણ્યમાં ઉપાદેયપણું અર્થાત્ સંસારમાં સુખબુદ્ધિ એક એવું મિથ્યાત્વ છે કે જે સમ્યક્ત્વને તો રોકે જ છે, પણ તે ઉપરાંત તે આત્માર્થીપણાની યોગ્યતાને પણ અટકાવે છે. મોક્ષમાર્ગની શરૂઆત સમ્યક્ત્વથી થાય છે પણ તેની યોગ્યતા આત્માર્થીપણાથી આવે છે. આત્માર્થીપણાની યોગ્યતા સંસારમાં સુખબુદ્ધિ નામના મિથ્યાત્વને મટાડતા જ પ્રગટે છે. તેથી સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ ટળે તો જ આત્માર્થીપણાની યોગ્યતા આવે છે તેમ જ બીજા મિથ્યાત્વ સહજ ટળી શકે છે અને સમ્યક્ત્વ પ્રગટી શકે છે. આ રીતે સમ્યક્ત્વના પારમાર્થિક માર્ગમાં પગલું મૂકવા માટે કે તેવું પગલું મૂકવાની પાત્રતા કેળવવા માટે સંસારમાં સુખબુદ્ધિ ટાળવી એ અનિવાર્ય આવશ્યકતા છે.




ઉપર મુજબ સમ્યક્ત્વ માટેના પ્રથમ પગલાં તરીકે સંસારમાં સુખબુદ્ધિના અભાવની અનિવાર્ય આવશ્યકતા છે.

## ૨.૩. સમ્યક્ત્વ માટે જરૂરી આત્માર્થીતા અને પુરુષાર્થ

આ જગતમાં સંસારનું સુખ અને મોક્ષનું સુખ, લૌકિક સુખ અને પારમાર્થિક સુખ, ઈન્દ્રિય સુખ અને અતીન્દ્રિય સુખ, વિષયિક સુખ અને આત્મિક સુખ, ભૌતિક સુખ અને આધ્યાત્મિક સુખ એવા કોઈ બે જાતના સુખ હોતા નથી. સુખ એ આત્માનો સ્વભાવ છે, આત્માની શુદ્ધ અવસ્થા છે, આત્માનો વીતરાગ પવિત્ર ભાવ છે; જે એક થી વધુ પ્રકારે હોઇ શકે નહિ. ગમે તે સ્થળે કે સમયે શુદ્ધ પાણી એક જ પ્રકારે હોઇ છે અને અશુદ્ધ પાણી અનેક પ્રકારે હોઇ છે. તેમ સુખ એક જ પ્રકારે હોઇ છે અને દુઃખ અનેક પ્રકારે હોઇ છે. સિદ્ધ ભગવાન જેવું આત્મિક અતીન્દ્રિય સુખ એ જ સાચું સુખ છે. આ સિવાય સંસારમાં જેને સુખ કહેવાય છે તે ખરેખર દુઃખ જ હોય છે. જેને આત્મિક અતીન્દ્રિય સુખની ઓળખાણ અને સ્વીકાર થાય અને સંસારમાં ક્યાંય સુખ નથી તેવી પ્રતીતિ થાય તે જ જીવ સાચો આત્માર્થી બની શકે છે.

જે વ્યક્તિને વેપારની રુચિ જ ન હોય તો તે વેપારી કેવી રીતે બની શકે ? વેપારી બન્યા સિવાય તે વેપારની પ્રવૃત્તિ અને પૈસાની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે ? તેમ જે મનુષ્યને આત્મિક સુખની રુચિ જ ન હોય તો તે આત્માર્થી કેવી રીતે બની શકે ? આત્માર્થી બન્યા સિવાય તે આત્માના મોક્ષમાર્ગ અને તેના સુખની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે ? સાચા આત્માર્થી બનવા માટે આત્માના સાચા સુખની સમજણ અત્યંત આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ છે.

આ જીવને જેમાં સુખબુદ્ધિ હોય છે તે તેનો અર્થી હોય છે. સંસારમાં સુખબુદ્ધિ ધરાવનારો જીવ સંસારાર્થી હોય છે. અને આત્મામાં સુખબુદ્ધિ ધરાવનારો જીવ આત્માર્થી હોય છે. સંસારનું સુખ અને આત્માનું સુખ એકબીજાથી તદ્દન અલગ પ્રકારનું છે. તેથી જેને સંસારમાં સુખબુદ્ધિ હોય તેને આત્મામાં સુખબુદ્ધિ હોતી નથી. અને તેથી વિરુદ્ધ જેને આત્મામાં સુખબુદ્ધિ હોય તેને સંસારમાં સુખબુદ્ધિ હોતી નથી. સંસારમાં જરા પણ સુખબુદ્ધિ ધરાવનારો જીવ સંસારાર્થી જ હોય છે અને આત્માર્થી હોતો નથી. આત્માર્થી થયા વિના સ્વસન્મુખતાનો પુરુષાર્થ પ્રવર્તતો નથી. સ્વસન્મુખતાના પુરુષાર્થ વિના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થતાં નથી. સમ્યક્ત્વ સંભવતું નથી. સમ્યક્ત્વ વિના મોક્ષમાર્ગ અને તેનું સુખ હોતું નથી. તેથી સમ્યક્ત્વ અને તેથી થતા સુખ માટે સંસારમાં સુખબુદ્ધિનો ત્યાગ *નિતાંત* જરૂરી છે.

ઉપરોક્ત પ્રકારે સમ્યક્ત્વ માટે જરૂરી આત્માર્થીતા અને પુરુષાર્થ માટે સંસારમાં સુખબુદ્ધિના અભાવની અનિવાર્ય આવશ્યકતા છે.

## અંચલિકા

સંસારમાં સુખબુદ્ધિના ત્યાગ વિના સમ્યક્ત્વની પ્રગટતા સંભવતી નથી. અહીં સંસારમાં સુખબુદ્ધિનો ત્યાગ એ સંસારનો કે સંસારના કહેવાતા સુખનો પણ ત્યાગ નથી. સંસારમાં રહીને પણ સંસારમાં સુખબુદ્ધિનો ત્યાગ કરી શકાય છે. સંસાર અને તેના કહેવાતાં સુખનો ત્યાગ આચરણ અપેક્ષાએ થઇ શકશે નહિ તોપણ તે અભિપ્રાય અપેક્ષાએ કરવો અત્યંત આવશ્યક છે. સંસારમાં અભિપ્રાય કે શ્રદ્ધા અપેક્ષાએ સુખબુદ્ધિ છોડવાથી સંસારનું કહેવાતું સુખ છૂટી નહિ જાય પણ તેથી એક મહામિથ્યાત્વ છૂટશે અને સમ્યક્ત્વ તથા તેથી થતાં આત્મિક સુખ મેળવવા માટેનો માર્ગ મોકળો થશે. પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શબ્દોમાં –

*હે જીવ ! તું સાચા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. તું સ્થિરતા–અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા–અપેક્ષાએ તો છોડ ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ —આત્મા— પ્રાપ્ત થશે.*

(બ્હેનશ્રીનાં વચનામૃત : નં. ૩૪૮ અને ૩૪૯માંથી)

## ૩. સમ્યક્ત્વ પ્રાપ્તિનો ક્રમ

(હરિગીત)

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત.

ભાવાર્થ : પોતાના શુદ્ધ આત્મસ્વભાવની સાચી ઓળખાણ, પ્રતીતિ અને સ્થિરતા માટેનો પુરુષાર્થ પ્રવર્તે અને તે માટે પોતાની પરિણતિ પર તરફથી પાછી વળી પોતાના સ્વરૂપ સન્મુખ વળે તે જ નિશ્ચય સમ્યક્ત્વની પ્રાપ્તિનો ક્રમ છે. (શ્રીમદ્ રાજચંદ્ર : આત્મસિદ્ધિ : ગાથા ૧૧૧)

*'પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ને ટચ, આટલું કર તો બસ'*

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રરૂપિત આ એક સિદ્ધાંતમાં સાચા સુખ માટે સમ્યક્ત્વ પ્રાપ્તિના પારમાર્થિક પંથના બધાં પગથિયા આવી જાય છે. અનાદિકાળથી પર તરફ પ્રવર્તતી પરિણતિને રોકીને ત્યાંથી પાછી વાળીને સ્વસન્મુખ પ્રવર્તાવવાથી સમ્યક્ત્વ પ્રાપ્તિનો સઘળો માર્ગ પ્રશસ્ત બને છે. શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે સમ્યક્ત્વ પ્રાપ્તિના ક્રમમાં ક્ષયોપશમાદિ પાંચ લબ્ધિમાંથી પસાર થવાનું હોય છે. આ જ બાબતને સુગમ શૈલીમાં નીચેનો ક્રમ આપી શકાય છે.

૩.૧. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ
૩.૨. આત્માર્થીપણું
૩.૩. ગૃહિત મિથ્યાત્વનો અભાવ
૩.૪. પાત્રતા
૩.૫. અગૃહિત મિથ્યાત્વનો અભાવ
૩.૬. સ્વ-પરનું ભેદજ્ઞાન
૩.૭.પક્ષાતિક્રાંતપણું
૩.૮. સમ્યક્ત્વ




*સમ્યક્ત્વ પ્રાપ્તિના ઉપરોક્ત ક્રમની સર્વાંગીણ સમીક્ષા એક જુદો વિષય છે. આ માટે લેખકનું આગામી પ્રકાશન 'સમ્યગ્દર્શન' દૃષ્ટવ્ય છે. અહીં પ્રકરણ અનુસાર તેની સંક્ષિપ્ત માહિતિ આપવામાં આવે છે. દરેક મુદ્દાની માહિતિમાં અનુક્રમે ૧. વ્યાખ્યા, ૨. તેની સમજૂતી, ૩. સ્વરૂપ, ૪. કઈ રીતે પ્રગટે ? ૫. લક્ષણ કે ઓળખાણનો ઉપાય, ૬. અટકાવનારી બાબત અને તેનો ઉપાય અને અંતમાં જે તે મુદ્દાના સારરૂપ કોઈ શાસ્ત્રીય ગાથા કે કોઈનું અવતરણવાળી ૭. અંચલિકા આપવામાં આવી છે.*

## ૩.૧. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ

૧. વ્યાખ્યા : **સંસારની સાનુકૂળતાઓમાં પણ સુખ ન ભાસે તે સંસારમાં સુખબુદ્ધિનો અભાવ છે.**

૨. સમજૂતી : સમ્યક્ત્વપ્રાપ્તિની સૌ પ્રથમ બાબત સંસારમાં સુખબુદ્ધિનો અભાવ જરૂરી છે. સંસારની સાનુકૂળતાઓમાં પણ સુખ ન ભાસે અને તેના કારણે સંસારનો ખરેખરો થાક અને ત્રાસ લાગે તે સંસારમાં સુખબુદ્ધિનો અભાવ છે.

૩. સ્વરૂપ : નાસ્તિથી પોતાનું સુખ સંસારમાં નથી અને અસ્તિથી તે સુખ પોતાના આત્મામાં એટલે કે આત્માના મોક્ષમાર્ગ અને મોક્ષમાં જ છે તેવો ભરોસો આવવો એ સંસારમાં સુખબુદ્ધિના અભાવનું સ્વરૂપ છે.

૪. કઈ રીતે પ્રગટે ? : સુખદુઃખના સાચા સ્વરૂપ અને તેમના મૂળ કારણને ઓળખીને તેમને અનુસરવાથી સંસારમાં સુખબુદ્ધિનો અભાવ થાય છે.

૫. લક્ષણ કે ઓળખાણનો ઉપાય : સંસારના સાનુકૂળ સંયોગોમાં પણ સુખ ન ભાસવું તેમ જ સંસાર પ્રત્યે તીવ્ર વૈરાગ્ય એ સંસારમાં સુખબુદ્ધિના અભાવનું લક્ષણ કે તેને ઓળખવાનો ઉપાય છે.



૬. અટકાવનારી બાબત અને તેનો ઉપાય : સંસારમાં જે સુખ તરીકે વેદાય છે તે જીવના મોહજન્ય રતિભાવ હોય છે. મિથ્યાત્વના કારણે તે દુઃખ હોવા છતાં પણ સુખ મનાય છે. સંસારમાં સુખબુદ્ધિના મિથ્યાત્વનું પોષણ જાણે-અજાણે થતું હોય છે અને કુદેવાદિના કારણે તેનું દૃઢીકરણ પણ થતું હોય છે. આ બાબત સંસારમાં સુખબુદ્ધિના અભાવને અટકાવનારી છે. સાચી સમજણ કરવાથી તેમજ કુદેવાદિની માન્યતા ન રાખવાથી આવો અટકાવ અટકે છે અને સંસારમાં સુખબુદ્ધિનો અભાવ ઉત્પન્ન થાય છે.

૭. અંચલિકા : આત્માર્થીપણાની યોગ્યતા પણ સંસારમાં સુખબુદ્ધિના અભાવથી જ પ્રગટે છે. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ એ સમ્યક્ત્વની અનિવાર્ય આવશ્યકતા છે. તે બાબતની ચર્ચા આપણે કરી ગયા છીએ. જેમ એકડો ઘૂંટવો અઘરો હોય છે પણ એકડો આવડયા પછી બગડો, ત્રગડો વગેરે તુરત જ આવડી જાય છે. તેમ સંસારમાં સુખબુદ્ધિના અભાવરૂપ એકડો જ વિકટ હોય છે. પણ સંસારમાં સુખબુદ્ધિનો અભાવ થતાં જ સમ્યક્ત્વપ્રાપ્તિના ત્યારપછીના બીજા બધા સોપાનો તુરત જ પ્રગટતા જાય છે. સમ્યક્ત્વપ્રાપ્તિના ક્રમનું સૌ પ્રથમ પગથિયું સંસારમાં સુખબુદ્ધિનો અભાવ છે. ભગવાનના સમવસરણના પ્રથમ પગથિયે પગ મૂકનાર સડસડાટ ઉપર સુધી પહોંચી જાય છે તેમ સમ્યક્ત્વપ્રાપ્તિના પ્રથમ પગથિયા એવા સંસારમાં સુખબુદ્ધિનો અભાવ ધરાવનાર જીવ સડસડાટ સમ્યક્ત્વની લગોલગ આવી જાય છે. તેથી કોઈ પણ ઉપાયે સંસારમાં સુખબુદ્ધિનો અભાવ કરવો જરૂરી છે.

મહાન તીર્થંકરો અને ચક્રવર્તીઓએ પણ રાજ્યવૈભવ અને સત્તાસંપત્તિને છોડીને આત્મિક સુખની સાધના કરી છે તેથી સંસારમાં ક્યાંય સુખ હોતું નથી તે સમજી શકાય છે. કવિશ્રી શોભાચંદ ભારિલ્લના શબ્દોમાં—

**होता यदि संसार सुखों का धाम त्याग क्यों करते-**
**तीर्थंकर चक्री क्यों जाकर वनमें कहो विचरते ?**
**बड़े बड़े भूपालोने क्यों जग से नाता छोड़ा ?**
**अपना विस्तृत निष्कंटक क्यों राज्य उन्हों ने छोड़ा ?**

ભાવાર્થ : જો સંસાર સુખોનું ધામ હોય તો તીર્થંકર અને ચક્રવર્તી જેવા મહાપુરુષો તેનો ત્યાગ કરીને શા માટે વનમાં જઈને આત્મિક સુખની આરાધના કરે છે તે કહો ? શા માટે મોટા મોટા મહારાજાઓએ પોતાના વિશાળ નિષ્કંટક રાજ્યવિભૂતિને છોડીને જગતના સાંસારિક સુખનો સંબંધ છોડી દીધો છે ? તે જ બતાવે છે કે સંસારમાં ક્યાંય સુખ હોતું નથી. (સંસારભાવના : કડી નં. ૩૫)

## ૩.૨. આત્માર્થી

૧. વ્યાખ્યા : **એકમાત્ર આત્માનું જ પ્રયોજન અને આત્મામય જીવન એ આત્માર્થીપણું છે.**

૨.સમજૂતી : સંસારમાં સુખબુદ્ધિનો અભાવ અને આત્મામાં સુખબુદ્ધિનો સદ્ભાવ એ જ જીવનું આત્માર્થીપણું છે. આત્માર્થીજીવનો પુરુષાર્થ આત્મસન્મુખતાનો હોય છે.

૩. સ્વરૂપ : સંસાર પ્રત્યેનો વૈરાગ્ય, માત્ર મોક્ષની અભિલાષા, કષાયની ઉપશાંતતા, પ્રાણી પ્રત્યેની અનુકંપા અને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની આસ્થા એ આત્માર્થીનું સ્વરૂપ છે.

૪. કઈ રીતે પ્રગટે ? : સંસારમાં સુખબુદ્ધિ ટળે તો અને તો જ આત્માર્થીપણું પ્રગટે છે.

૫. ઓળખાણનો ઉપાય : સંસારનો ખરેખરો ત્રાસ, પરપદાર્થની તુચ્છતા, સ્વભાવનો મહિમા અને સ્વભાવ-સન્મુખતાનો સવળો પુરુષાર્થ એ આત્માર્થીપણાની ઓળખાણ છે.

૬.અટકાવનારી બાબત અને તેનો ઉપાય : આ સંસારમાં અલ્પ પણ સુખબુદ્ધિ, પરપદાર્થનો અનિર્ણય, દેવ-ગુરુ પ્રત્યેના આદરની ઊણપ અને પોતાનો સ્વચ્છંદ એ આત્માર્થીપણાને અટકાવનારી બાબતો છે. પોતાનો

દોષ જોવાની અપક્ષપાતતા ધરાવવાથી આત્માર્થીપણાના અટકાવને અટકાવી શકાય છે.

૭. અંચલિકા : પોતાનું સુખ પોતાનામાં જ છે અને સમ્યક્ત્વથી તેની પ્રાપ્તિ હોય છે તેમ સમજનાર જીવ સાચો આત્માર્થી હોય છે. આત્માર્થી જીવને આત્માનું જ પ્રયોજન હોય છે અને બીજી કોઈ ઈચ્છા હોતી નથી. અને તેના માટે તે સદ્‌ગુરુના યોગને શોધે છે. શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં—

(હરિગીત)

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ,
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.

ભાવાર્થ : આત્માનું સુખ આત્મામાં જ હોય છે તેમ વિચાર કરી એક આત્માર્થનું જ પ્રયોજન ધરાવનાર આત્માર્થીને આત્મા સિવાય બીજી કોઈ મનની ઈચ્છા હોતી નથી. આત્માર્થનું પોષણ કરવા માટે તે સદ્‌ગુરુના મેળાપને શોધે છે અથવા તેની ભાવના કરે છે. (આત્મસિદ્ધિ : ગાથા ૩૭)

## ૩.૩. ગૃહિત મિથ્યાત્વનો અભાવ




૧. વ્યાખ્યા : અનાદિકાળથી ચાલ્યા આવતાં અગૃહિત મિથ્યાત્વને મટાડવાને બદલે તેને વધુ દૃઢ કરવું કે તેનું પોષણ કરવું તે ગૃહિત મિથ્યાત્વ છે.

૨. સમજૂતી : ૧. સાંશયિક, ૨. વિપરીત, ૩. વૈનયિક, ૪. અજ્ઞાનિક અને ૫. એકાંતિક એ ગૃહિત મિથ્યાત્વના પાંચ મુખ્ય પ્રકાર છે.

જીવને ૧. પરપદાર્થનું કર્તુત્વ, ૨. પુણ્યમાં ઉપાદેયપણું, ૩. તત્વની અણસમજણ, ૪. દેહમાં મમત્વ અને ૫. પર્યાયદૃષ્ટિ જેવા અનાદિકાળથી ચાલ્યા આવતા અગૃહિત મિથ્યાત્વ હોય છે. તેને મટાડવાને બદલે તેનું વધુ દઢીકરણ થવું તેને ગૃહિત મિથ્યાત્વ કહે છે. ગૃહિત મિથ્યાત્વ થવામાં કુદેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્તપણું હોય છે.

જીવને અનાદિકાળથી પરપદાર્થનું કર્તૃત્વ હોય છે. તેને કારણે કોણ કોનું કર્તા હશે તેવો સંશય હોય છે. કુદેવાદિના કારણે પરપદાર્થનું કર્તુત્વ વધુ દઢ થઈ આ સંશયને મજબૂત બનાવે છે તેને સાંશયિક નામનું ગૃહિત મિથ્યાત્વ કહે છે.

પુણ્ય અને તેના ફળરૂપ સાંસારિક કહેવાતું સુખ હેય હોવા છતાં તેને ઉપાદેય માનવાની વિપરીત માન્યતા પહેલેથી જ હોય છે. કુદેવાદિના કારણે આ વિપરીતતાનું વધુ પોષણ થાય છે તેને વિપરીત મિથ્યાત્વ કહે છે.

જુદા જુદા ધર્મમતો જુદા જુદા તત્ત્વોને માને છે. બધાં ધર્મમતો સરખા છે અને તેમના પ્રરૂપિત તત્ત્વો એક જ મોક્ષને પ્રાપ્ત કરાવનારા છે તેથી બધાંનો સરખો વિનય રાખવો તેવી મિથ્યા માન્યતા ઘણી પુરાણી છે અને કુદેવાદિના સંગે તેનું દઢીકરણ થાય તેને વૈનયિક મિથ્યાત્વ કહે છે.

દેહમાં મમત્વ એ જીવનું મોટું અજ્ઞાન છે. કુદેવાદિના કારણે દેહને ધર્મનું સાધન માની આ અજ્ઞાનનું પોષણ થાય છે તેને અજ્ઞાનિક મિથ્યાત્વ કહે છે.

વસ્તુને પલટતી પર્યાયપણે એકાંત સ્વરૂપે માનવાની પર્યાયદૃષ્ટિ જીવને પહેલેથી જ હોય છે અને કુદેવાદિના નિમિતે તેનું પોષણ થાય તે એકાંતિક નામનું ગૃહિત મિથ્યાત્વ છે.

૩. સ્વરૂપ : રાગનો રસ અને રુચિ ન હોય તેમજ વીતરાગતાની ભાવના હોય તે ગૃહિત મિથ્યાત્વના અભાવનું સ્વરૂપ છે.

૪. કઈ રીતે થાય ? : સંસારમાં સુખબુદ્ધિ ટળતાં અને આત્માર્થીપણું પ્રગટતા કુદેવાદિની આમ્નાય ટળી જાય છે. કુદેવાદિની આમ્નાય ટળતાં તેના કારણે થતો ગૃહિત મિથ્યાત્વનો અભાવ થાય છે.

૫. લક્ષણ કે ઓળખાણનો ઉપાય : વાસ્તવમાં પોતાની અંદરમાં ઊંડે ઊંડે પણ કોઈ સાંસારિક પ્રયોજન કે રાગનો રસ હોય તે પોતે જ ગૃહિત મિથ્યાત્વ છે. બહારમાં તે કુદેવ-ગુરુ-શાસ્ત્રની આમ્નાય કે તેના પ્રત્યેની કૂણી લાગણીના આધારે ઓળખી શકાય છે. તેથી રાગની અરુચિ અને રાગી દેવ-ગુરુની આમ્નાયનો અભાવ એ ગૃહિત મિથ્યાત્વના અભાવનું લક્ષણ છે.


૬. અટકાવનારી બાબત અને તેનો ઉપાય : કુદેવાદિની આમ્નાય ગૃહિત મિથ્યાત્વને ઉત્પન્ન કરનારી છે. તેથી તેને સમજીને છોડવાથી ગૃહિત મિથ્યાત્વ પણ છૂટી જાય છે. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની આમ્નાય હોવા છતાં તેમાં જાણે-અજાણે સાંસારિક પ્રયોજન સંકળાયેલું હોય તો તે પણ ગૃહિત મિથ્યાત્વ જ છે. આત્મહિતનું જ એક માત્ર પ્રયોજન ધરાવવાથી ગૃહિત મિથ્યાત્વથી બચી શકાય છે.

૭. અંચલિકા : આત્મહિતના માર્ગમાં આગળ વધવા માટે ગૃહિત મિથ્યાત્વનો અભાવ જરૂરી છે. અને તે માટે કુદેવાદિની માન્યતા છોડવી જરૂરી છે. અહીં કોઇના પ્રત્યે ઘૃણા, તિરસ્કાર કે અનાદર રાખવાનો નથી તોપણ ધર્મબુદ્ધિએ કુદેવાદિનો વિનય કરવાનો નથી. કુદેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભય, શરમ કે ગારવથી પણ વિનય કરવાથી જીવનું મિથ્યાત્વ મટતું નથી તેમ જણાવતાં આચાર્ય શ્રી કુંદકુંદદેવ કહે છે—

જે દેવ કુત્સિત, ધર્મ કુત્સિત, લિંગ કુત્સિત વંદતા,
ભય, શરમ વા ગારવ થકી, તે જીવ છે મિથ્યાત્વમાં.

ભાવાર્થ : ક્ષુધા-તૃષાદિ બહિરંગ અને રાગ-દ્વેષાદિ અંતરંગ દોષોથી દૂષિત હોય તેવા કુદેવ, હિંસાદિ પાપભાવ કે કરૂણાદિ પુણ્યભાવથી ધર્મ મનાવનારા એવા કુધર્મ, પરિગ્રહાદિથી સહિત હોય એવા કુલિંગી ગુરુઓને જે માનતા નથી તોપણ કોઈના ભયથી, કોઈની શરમથી કે પોતાની મોટાઈ પોષવા જેવા ગારવથી પણ તેમની વંદના કરે છે તે જીવને પ્રગટપણે ગૃહિત મિથ્યાત્વ છે. તેથી ગૃહિત મિથ્યાત્વનો અભાવ કરવા માટે કુદેવાદિની કોઈ પણ પ્રકારે આમ્નાય રાખવી નહિ. (મોક્ષપાહુડ : ગાથા ૯૨)

## ૩.૪ પાત્રતા



૧. વ્યાખ્યા : સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જરૂરી યોગ્યતાને પાત્રતા કહે છે. અંદરમાં આત્માની રુચિ અને બહારમાં આત્માના લક્ષપૂર્વકના જૈનાચાર એ પાત્રતા છે.

૨. સમજૂતી : ગૃહિત મિથ્યાત્વનો અભાવ કરી, સદ્ગુરુના સદુપદેશને ગ્રહણ કરી, અગૃહિત મિથ્યાત્વનો પણ અભાવ કરી, સમ્યક્ત્વની પ્રાપ્તિ કરવા માટે પોતાનામાં અમુક પ્રકારની પાત્રતા જરૂરી હોય છે. તત્ત્વવિચાર અને સાચી સમજણપૂર્વકનું આત્માનું લક્ષ તેમજ આત્માની યથાર્થ રુચિ એ જ સાચી પાત્રતા છે. આવી પાત્રતા સાથે બહારમાં સદાચાર અને જૈનાચાર પણ સહજપણે સંકળાયેલા હોય છે.

૩. સ્વરૂપ : વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની સમર્પણતા અને ભક્તિ એ પાત્રતાનું સ્વરૂપ છે.

૪. કઈ રીતે પ્રગટે ? : આત્માનું લક્ષ અને આત્માની યથાર્થ રુચિપૂર્વકના શુભભાવોથી પાત્રતા પ્રગટે છે.

૫. ઓળખાણ : સંસાર પ્રત્યેનો વૈરાગ્ય અને મોક્ષની અભિલાષા એ પાત્રતાની ઓળખાણ છે.

૬. અટકાવનારી બાબત અને તેનો ઉપાય : બાહ્ય જૈનાચારનો અભાવ એ પાત્રતાને અટકાવનારી બાબત છે. આત્માના લક્ષ અને રુચિપૂર્વકના બાહ્ય જૈનાચારથી પાત્રતાનો અટકાવ અટકે છે.

૭. અંચલિકા : પાત્રતા વિનાનો મનુષ્ય આત્મહિતનું સાધન સાધી શકતો નથી. સંસારમાં સુખબુદ્ધિ ધરાવનારો, વિષયકષાયમાં આસક્ત કે વેપાર ધંધામાં ગળાડૂબ હોય એવો જીવ આત્મહિતનો સદુપદેશ ગ્રહણ પણ કરી શકતો નથી. જેમ સિંહણનું દુધ ગમે તે વાસણમાં ટકી શકતું નથી અને તે સોનાના વાસણમાં જ ટકી શકે છે તેમ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે અમુક પ્રકારની યોગ્યતા કે પાત્રતા જરૂરી હોય છે. અસંયમ અને અબ્રહ્મ પાત્રતાની પ્રગટતામાં બાધક હોય છે તેથી શક્તિ અનુસારનો સંયમ અને બ્રહ્મચર્યનું પાલન પાત્રતા પ્રગટાવવામાં ઉપયોગી બને છે. શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં—

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.

ભાવાર્થ : કોઈપણ બાબત માટે પાત્રતા જરૂરી હોય છે તેમ આત્મજ્ઞાન માટે પણ પાત્રતા જરૂરી હોય છે. આત્મજ્ઞાનને પાત્ર થવા માટે હે મતિમાન પુરુષો ! તમે બ્રહ્મચર્યનું સેવન કરો. (મોક્ષમાળા : શિક્ષાપાઠ ૩૪, બ્રહ્મચર્ય વિષે સુભાષિતમાંથી)

## ૩.૫ અગૃહિત મિથ્યાત્વનો અભાવ

૧. વ્યાખ્યા : અનાદિકાળથી ચાલી આવતી મિથ્યા માન્યતા કે વિપરીત અભિનિવેશને અગૃહિત મિથ્યાત્વ કહે છે

૨. સમજૂતી : નવું ગ્રહણ કરેલ ન હોય અને પહેલેથી જ ચાલ્યું આવતું હોય તેવા અનાદિના મિથ્યાત્વને અગૃહિત મિથ્યાત્વ કહે છે. જીવના સંસાર અને તેના દુઃખનું મૂળ કારણ આ અગૃહિત મિથ્યાત્વ જ છે. દર્શનમોહનીય કર્મના ઉદયના નિમિત્તે અગૃહિત મિથ્યાત્વ હોય છે. પરપદાર્થનું કર્તૃત્વ, પુણ્યમાં ઉપાદેયપણું કે સંસારમાં સુખબુદ્ધિ, તત્ત્વની અણસમજણ, દેહમાં મમત્વ, પર્યાયદૃષ્ટિ વગેરે

અગૃહિત મિથ્યાત્વના પ્રકારો છે.

૩. સ્વરૂપ : અગૃહિત મિથ્યાત્વના કારણે જીવને સ્વ-પરનું ભેદજ્ઞાન હોતું નથી. તે પરમાં પોતાપણું અને પોતામાં પરપણું માને છે. હેયને ઉપાદેય અને ઉપાદેયને હેય જાણે છે. સુખને દુઃખપણે અને દુઃખને સુખપણે જાણે છે. આવા પ્રકારની વિપરીત માન્યતા એ અગૃહિત મિથ્યાત્વનું સ્વરૂપ છે.

૪. કઈ રીતે ટળે ? : સદ્‌ગુરુના સદુપદેશથી જ્ઞાનસ્વભાવી આત્મસ્વરૂપનો અને તેના અનેકાંતસ્વરૂપનો નિર્ણય કરવાથી અગૃહિત મિથ્યાત્વ ટળે છે.

૫. લક્ષણ કે ઓળખાણનો ઉપાય : પદાર્થનું અયથાગ્રહણ, વિષયાસક્તિ, સ્વપરનો અવિવેક, પરદ્રવ્યમાં એકત્વ અને મમત્વ, મનુષ્ય કે તિર્યંચ પ્રત્યેનો તન્મયપણે થતો કરૂણાભાવ એ અગૃહિત મિથ્યાત્વના લક્ષણો છે. આવા લક્ષણોના અભાવથી અગૃહિત મિથ્યાત્વના અભાવની ઓળખાણ છે.



**પ્રશ્ન : કરૂણાભાવ એ અગૃહિત મિથ્યાત્વનું લક્ષણ કઈ રીતે ?**

ઉત્તર: કોઈના દુ:ખ પ્રત્યે સહાનુભૂતિની લાગણીને કરૂણાભાવ કહે છે. અજ્ઞાનીને કોઈની ભૂખ, રોગ, ગરીબાઈ વગેરે તેના દુઃખનું કારણ ભાસે છે અને તે રીતે તે ભરપેટ ભોજનાદિ પામે એવો કરૂણાભાવ આવે છે પરંતુ જ્ઞાનીને કોઈના દુઃખનું મૂળ કારણ તેનું અજ્ઞાન જ ભાસે છે અને તે રીતે તે સાચી સમજણ પામે એવો કરૂણાભાવ આવે છે. આ રીતે જ્ઞાનીનો કરૂણાભાવ તેના જ્ઞાનને બતાવે છે તેમ અજ્ઞાનીનો કરૂણાભાવ તેના અજ્ઞાન એટલે કે અગૃહિત મિથ્યાત્વને બતાવે છે.

૬. અટકાવનારી બાબત અને તેનો ઉપાય : સંસારમાં ઊંડે ઊંડે પણ ક્યાંક સુખબુદ્ધિ હોય તો અગૃહિત મિથ્યાત્વનો અભાવ થતો નથી. સંસારમાં સુખબુદ્ધિ નામનું અગૃહિત મિથ્યાત્વ ટળતાં બીજા બધાં અગૃહિત મિથ્યાત્વ સરળતા અને સહજતાથી ટળી શકે છે. તેથી સંસારમાં સુખબુદ્ધિ સૌ પ્રથમ જ ટાળવી જરૂરી છે.

૭. અંચલિકા : સંસારમાં સુખબુદ્ધિ ટળતાં અરિહંત ભગવાનના સ્વરૂપના આધારે પોતાના આત્માનું સ્વરૂપ સમજી શકાય છે. અને તેથી અગૃહિત મિથ્યાત્વ ટળી શકે છે. આચાર્યશ્રી કુંદકુંદદેવના શબ્દોમાં—

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે**
**તે જીવ જાણે આત્માને, તસુ મોહ પામે લય ખરે**

ભાવાર્થ : જે અરિહંત ભગવાનના સ્વરૂપને તેના દ્રવ્ય, ગુણ, પર્યાયપણે સમજીને તેના આધારે પોતાના શુદ્ધ આત્માના સ્વરૂપને ઓળખે છે. તેનાં અગૃહિત મિથ્યાત્વનો અભાવ થાય છે. (પ્રવચનસાર : ગાથા ૮૦)

## ૩.૬ સ્વ-પરનું ભેદજ્ઞાન

**૧. વ્યાખ્યા : પોતાના શુદ્ધાત્માને દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ તેમ જ દરેક પ્રકારના ભેદભાવથી ભિન્ન જાણવો તેને ભેદજ્ઞાન કહે છે.**

૨. સમજૂતી : જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના પૌદ્‌ગલિકકર્મનું જીવ સાથેનું જોડાણ તે દ્રવ્યકર્મ છે. આ દ્રવ્યકર્મ પૈકી ઘાતિકર્મના ઉદયના કારણે થતા જીવના રાગદ્વેષાદિ વિકારી પરિણામ તે ભાવકર્મ છે. અને અઘાતિકર્મના ઉદયના કારણે મળતાં શરીરાદિ સંયોગી પદાર્થો તે નોકર્મ છે. જ્ઞાનાદિ ગુણભેદ જેવા ભેદ તે ભેદભાવ છે. અજ્ઞાની જીવ આ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ અને ભેદભાવથી ભિન્ન પોતાના શુદ્ધાત્માને ઓળખતો નથી. પોતાના શુદ્ધાત્માને આ બધાંથી ભિન્ન જાણવો તે ભેદજ્ઞાન છે. અહીં શુદ્ધાત્મા એટલે ગુણ, પર્યાય, કારક જેવા સર્વપ્રકારના ભેદભાવથી રહિત અભેદ એકરૂપ આત્મા છે. ભેદજ્ઞાનનો વિષય સ્વ-પર એટલે કે આત્મા અને પૌદ્‌ગલિકકર્મનો બંધ છે. આત્મા અને બંધ સીધા ઓળખી શકાતા નથી. તેથી આત્માને જ્ઞાનસ્વભાવ વડે અને કર્મબંધને રાગાદિ વિભાવ વડે ઓળખવામાં આવે છે. આ રીતે સ્વ-પરના ભેદજ્ઞાન માટે સ્વભાવ-વિભાવનું ભેદજ્ઞાન જરૂરી હોય છે. આ સ્વભાવ-વિભાવનું ભેદજ્ઞાન વસ્તુના અનેકાંતસ્વરૂપમાં જ શક્ય હોય છે. વસ્તુના અનેકાંતસ્વરૂપને સ્વીકારનાર જૈન દર્શન સિવાય અન્ય કોઈ દર્શનમાં ભેદજ્ઞાનની સંભાવના હોતી નથી. ભેદજ્ઞાન વિના શુદ્ધાત્માની ઉપલબ્ધિ થતી નથી.

૩. સ્વરૂપ : પોતાના શુદ્ધાત્માને દરેક પ્રકારના સંયોગો, સંયોગીભાવો અને ભેદભાવોથી જુદો જાણવો તે ભેદજ્ઞાનનું સ્વરૂપ છે.

૪. કઈ રીતે પ્રગટે ? : ભેદજ્ઞાન માટે અગૃહિત મિથ્યાત્વનો અભાવ આવશ્યક છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયના અભાવના કારણે પ્રગટ થતા સૂક્ષ્મ

ઉપયોગથી સ્વભાવ-વિભાવનું અને તેના આધારે સ્વ-પરનું ભેદજ્ઞાન શક્ય બને છે.

૫. ઓળખાણનો ઉપાય : જેટલા પ્રકારે અને જેટલા અંશે ભેદજ્ઞાન થાય છે તેટલા પ્રકારે અને તેટલા અંશે આ આત્મા વિકલ્પોથી વિરમે છે. તેથી વિકલ્પોનો વિરામ એ જ ભેદજ્ઞાનની ઓળખાણ છે.

૬. અટકાવનારી બાબત અને તેનો ઉપાય : અબરખના પાતળા પડને અલગ પાડવા એકદમ ઝીણી નજરની જરૂર પડે છે તેમ સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાન માટે એકદમ સૂક્ષ્મ ઉપયોગની જરૂર પડે છે. ઉપયોગની સૂક્ષ્મતા ભેદજ્ઞાનને પ્રાપ્ત કરાવનારી છે અને તેની સ્થૂળતા તેને અટકાવનારી છે. અગૃહિત મિથ્યાત્વના કારણે ઉપયોગની સ્થૂળતા હોય છે. મિથ્યાત્વ મંદ થતા ઉપયોગ સૂક્ષ્મ થતો જાય છે. અને મિથ્યાત્વનો અભાવ થતા ઉપયોગ એકદમ સૂક્ષ્મ બને છે અને તેના કારણે ભેદજ્ઞાન થાય છે.

૭. અંચલિકા : ભેદજ્ઞાન વિના સમ્યક્ત્વની પ્રાપ્તિ નથી. ભેદજ્ઞાન વિનાનું જ્ઞાન સમ્યક્ નામ પામતું નથી. તેથી ભેદજ્ઞાન એ જ જ્ઞાન છે. ભેદજ્ઞાન સિવાય બીજા જ્ઞાનનો બહારનો ગમે તેટલો ઉઘાડ હોય તોપણ તે અજ્ઞાન જ છે. ધર્મદાસ ક્ષુલ્લકના શબ્દોમાં—


હારના દૃષ્ટાંતથી પક્ષાતિક્રાંતપણું

**भेदज्ञान ही ज्ञान है, बाकी पूरो अज्ञान ।**
**धर्मदास साची लखे, खेमराज तु मान ।।**

ભાવાર્થ : **ધર્મદાસ ક્ષુલ્લક શિષ્ય ખેમરાજને સંબોધીને કહે છે કે, ભેદજ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન છે. અને ભેદજ્ઞાન વિનાનું સઘળું જ્ઞાન એ અજ્ઞાન જ છે. તેથી ભેદજ્ઞાનનો જ અભ્યાસ કરવો.** (ધર્મદાસ ક્ષુલ્લકકૃત સ્વાત્માનુભવમનનમાંથી)

## ૩.૭. પક્ષાતિક્રાંતપણું

૧. વ્યાખ્યા : **વિકલ્પાત્મક સઘળાં નયપક્ષોને [1]અતિક્રમીને નિર્વિકલ્પદશામાં આવવા માટે [2]ઉદ્યત થવું તેને પક્ષાતિક્રાંતપણું કહે છે.**

૨. સમજૂતી : સ્વ-પરનું ભેદજ્ઞાન થતાં નિશ્ચયનો પક્ષ ગ્રહણ થાય છે. કોઈ પણ નયનો પક્ષ વિકલ્પાત્મક હોય છે. વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયપક્ષોના વિકલ્પને અતિક્રમવાથી પક્ષાતિક્રાંતપણું થાય છે. પક્ષાતિક્રાંતપણામાં વિકલ્પોને અતિક્રમીને શુદ્ધનયના વિષયભૂત શુદ્ધાત્મામાં સ્થિરતા કરવાની હોય છે. પક્ષાતિક્રાંતપણાનું ફળ નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિરૂપ સમ્યક્ત્વ હોય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે આ પક્ષાતિક્રાંતપણું આવશ્યક છે.

૩. સ્વરૂપ : જ્યાં સુધી કોઈપણ નયનો પક્ષપાત હોય છે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ એટલે કે વિકલ્પ ટળતો નથી. નયોનો સર્વ પક્ષપાત હટી જતાં જ નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. પક્ષાતિક્રાંતપણું એ નયપક્ષોના વિકલ્પોથી અતિક્રાંતપણું છે પણ નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધાત્માના આશ્રયથી અતિક્રાંતપણું નથી. વાસ્તવમાં પક્ષાતિક્રાંતપણાથી વિકલ્પોથી અતિક્રમીને શુદ્ધાત્માનો આશ્રય આવે છે. તેથી નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધાત્માના આશ્રયને ગ્રહણ કરીને નિશ્ચયનયના પક્ષ કે વિકલ્પને અતિક્રમી જવું તે પક્ષાતિક્રાંતપણાનું સ્વરૂપ છે.

૪. કઈ રીતે પ્રગટે ? : જેમ કોઈ સુવર્ણનો હાર ખરીદતાં સમયે તેની કિંમત, વજન, ઘાટ વગેરે સંબંધી અનેક વિકલ્પો હોય છે. પણ ખરીદ્યાં પછી તેને ગળામાં પહેરી તેનો ભોગવટો કરવામાં આવે ત્યારે માત્ર ભોગવટો હોય છે અને કોઈ વિકલ્પો હોતા નથી. તેમ શુદ્ધાત્માની પ્રાપ્તિ કરતાં પહેલાં તેના સ્વરૂપ સંબંધી શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન જેવા નિશ્ચયનયના પક્ષભૂત અનેક વિકલ્પો હોય છે. પણ તે જ નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધાત્માનો આશ્રય કરી તેનો અનુભવ કરવામાં આવે ત્યારે તે સંબંધી કોઈ વિકલ્પો હોતા નથી. આ રીતે પક્ષ એટલે કે વિકલ્પોને છોડી અભેદ એકરૂપ આત્માનો આશ્રય કરવાથી પક્ષાતિક્રાંતપણું પ્રગટે છે.

૫. ઓળખાણનો ઉપાય : પક્ષાતિક્રાંતપણાના કારણે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ અને તેથી થતો અતીન્દ્રિય આનંદનો આહ્લાદ આવે છે. અને તે જ પક્ષાતિક્રાંતપણાની ઓળખાણ છે.

૬. અટકાવનારી બાબત અને તેનો ઉપાય : શુદ્ધનયનો પક્ષ એક વિકલ્પદશા છે. અને શુદ્ધનયના વિષયભૂત શુદ્ધાત્માનો આશ્રય એ નિર્વિકલ્પદશા છે. વ્યવહારનયની જેમ નિશ્ચયનયનો પક્ષ પણ પક્ષાતિક્રાંતપણાને અટકાવનારો છે. તેથી નિશ્ચયનયના

પક્ષભૂત વિકલ્પોને પણ ત્યજી નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધાત્માનો આશ્રય કરવો તે જ પક્ષાતિક્રાંતપણાના અટકાવને મટાડવાનો ઉપાય છે.

૭. અંચલિકા : સ્વ-પરના ભેદજ્ઞાન પછી પણ પક્ષાતિક્રાંતપણું આવશ્યક છે. નયપક્ષથી અતિક્રાંતપણાનું ફળ અતીન્દ્રિય આનંદ છે, તેમ દર્શાવી આચાર્યશ્રી અમૃતચંદ્રદેવ પક્ષાતિક્રાંતપણાનો મહિમા કરતા કહે છે—

(ઉપેન્દ્રવજ્રા)

**य एव मुक्त्वा नयपक्षपातं,स्वरूपगुप्ता निवसन्ति नित्यम् ॥**
**विकल्पजालच्युतशान्तचित्ता-,स्तएवसाक्षादमृतंपिबन्ति ॥**

ભાવાર્થ : **જેઓ સર્વ નયોના પક્ષપાતોને છોડીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહે છે તેઓ જ, જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા, સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે.** (સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક નં. ૬૯)

## ૩.૮ સમ્યક્ત્વ

૧. વ્યાખ્યા : **શુદ્ધાત્માના જ્ઞાન-શ્રદ્ધાન-આચરણને સમ્યક્ત્વ કહે છે.**



૨. સમજૂતી : શુદ્ધાત્માનું જ્ઞાન એટલે કે સમ્યગ્જ્ઞાન, શુદ્ધાત્માનું શ્રદ્ધાન એટલે કે સમ્યગ્દર્શન અને શુદ્ધાત્માનું આચરણ એટલે કે સમ્યક્ચારિત્ર છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગને સમ્યક્ત્વ તરીકે ઓળખવામાં આવે છે. સાધકદશાની શરૂઆતથી માંડીને પૂર્ણતા સુધી સમ્યક્ત્વ જ કાર્યકારી છે. નિશ્ચય સમ્યક્ત્વને કારણે જ સંવર-નિર્જરા અને મોક્ષમાર્ગ હોય છે. આત્માના અનંત ગુણોની પ્રગટતા અને આત્મિક સુખની ઉપલબ્ધિ સમ્યક્ત્વને જ આભારી છે.

૩. સ્વરૂપ : શુદ્ધાત્માની ઓળખાણ અને પ્રતીતિપૂર્વક પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા-લીનતા-એકાગ્રતા એ સમ્યક્ત્વનું નિશ્ચય સ્વરૂપ છે. નિશ્ચય સમ્યક્ત્વપૂર્વક વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન, શાસ્ત્રનું જ્ઞાન અને વ્રત-તપાદિનું આચરણ એ સમ્યક્ત્વનું વ્યવહાર સ્વરૂપ છે.

૪. કઈ રીતે પ્રગટે ? : સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ ટળે તો અને તો જ સમ્યક્ત્વની સંભાવના થાય છે. સ્વ-પરના ભેદજ્ઞાનના પ્રતાપે થતા પક્ષાતિક્રાંતપણાથી સમ્યક્ત્વની પ્રગટતા હોય છે.

૫. ઓળખાણનો ઉપાય : નિઃશંકતા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ આઠ પ્રકારના ગુણોની 'નિરતિચારપણે' પ્રગટતા એ સમ્યક્ત્વની ઓળખાણ છે.

૬. અટકાવનારી બાબત અને તેનો ઉપાય : સંસારની પ્રતિકૂળતાની જેમ સાનુકૂળતામાં, પાપોદયની જેમ પુણ્યોદયમાં અને નરકગતિની જેમ દેવગતિમાં પણ દુઃખ છે તે બાબતની પ્રતીતિ ન આવે ત્યાં સુધી સમ્યક્ત્વપ્રાપ્તિની યોગ્યતા પણ આવતી નથી. સંસારમાં કિંચિત્ પણ સુખબુદ્ધિ એ સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતાને પણ અટકાવનારી છે. સંસારમાં સુખબુદ્ધિ ટળે તો અને તો જ સમ્યક્ત્વ પ્રાપ્તિનો માર્ગ મોકળો બને છે. અને તેથી પ્રવર્તતા સવળા પુરુષાર્થના કારણે સમ્યક્ત્વ પ્રાપ્તિ માટે જરૂરી બાબતો સહજપણે પ્રગટતી જાય છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

૭. અંચલિકા : સંસારમાં સુખબુદ્ધિ એ મિથ્યાત્વની ભાવના છે અને સંસારમાં સુખબુદ્ધિનો અભાવ એ સમ્યક્ત્વની ભાવના છે. સમ્યક્ત્વના કારણે જીવના સઘળા ગુણોની પ્રગટતા થાય છે. તેનું અનાદિનું દુઃખ દૂર થાય છે. જીવની બધી જ સમસ્યાઓનું સમાધાન થાય છે અને પોતે કૃતકૃત્ય અને ન્યાલ થઈ જાય છે. પણ આ માટે સમ્યક્ત્વની ભાવના જરૂરી છે. જો એકવાર સમ્યક્ત્વ પ્રગટ કરવાની ભાવના ભાવવામાં આવે તો તેના ફળમાં અવશ્ય સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે. સમ્યક્ત્વની ભાવના માટે સંસારમાં સુખબુદ્ધિ ટાળવી જરૂરી છે. સંસારમાં સુખબુદ્ધિ ધરાવનારો જીવ '*મિથ્યાવાસના*'ને વશ મિથ્યાત્વની જ ભાવના ભાવતો આવ્યો છે. સંસારમાં સુખબુદ્ધિ ટાળી સમ્યક્ત્વની ભાવના ભાવવા માટેની પ્રેરણા કરતા આચાર્યશ્રી કુંદકુંદદેવ કહે છે—

(હરિગીત)

**મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે,**
**સમ્યક્ત્વ-આદિક ભાવ રે ! ભાવ્યા નથી પૂર્વે જીવે.**

ભાવાર્થ : **જીવે અનાદિના બહુ દીર્ઘકાળથી મિથ્યાત્વાદિક ભાવો જ ભાવ્યા છે અને સમ્યક્ત્વાદિક ભાવો પૂર્વે બિલકુલ ભાવ્યા નથી. તો હવે આ સમ્યક્ત્વની જ ભાવના ભાવો.** (નિયમસાર : ગાથા ૯૦)

## ઉપસંહાર

દુઃખનું મૂળ કારણ મિથ્યાત્વ અને સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ છે. પરંતુ મિથ્યાત્વને વશ અજ્ઞાની જીવ પોતાના પુણ્ય-પાપનો ઉદય અને તેના કારણે મળતાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સુખ-દુઃખ માને છે. પરંતુ હવે સમજાય છે કે બહારના સંયોગોને કારણે સુખ-દુઃખ નથી. પુણ્યનો ઉદય કે સાનુકૂળ સંયોગો સુખનું કારણ નથી. તે જ રીતે પાપનો ઉદય કે પ્રતિકૂળ સંયોગો દુઃખનું કારણ નથી. પોતાનું મિથ્યાત્વ જ પોતાના દુઃખનું કારણ છે અને સમ્યક્ત્વ જ સુખનું કારણ છે.



પ્રત્યેક મનુષ્ય નિરંતર સુખી થવાનો ઉપાય કર્યા જ કરે છે પણ તે માટે મોટે ભાગે પૈસા પ્રાપ્ત કરવાનો જ ઉપાય હોય છે. પૈસાની વાત હોય તો ભીડ જામે છે. પૈસા માટે વિદેશ જવામાં પણ વાંધો હોતો નથી. પૈસા માટે રાત-દિવસની કાળી મજૂરી પણ કબૂલ છે. પરંતુ દુનિયાની સૌથી ધનિક વ્યક્તિ પણ દુઃખી જોવામાં આવે છે. તેથી સુખનો ઉપાય કોઇ જૂદો જ છે.

આત્માના સુખનો એક માત્ર ઉપાય સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે સંસારમાં સુખબુદ્ધિનો અભાવ એ એક અનિવાર્ય આવશ્યકતા છે. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ થતા આત્માર્થીપણું અને સમ્યક્ત્વની ભાવના પ્રગટે છે. તેથી પોતાનો પુરુષાર્થ સ્વલક્ષી કે સવળો બની સમ્યક્ત્વ-સન્મુખ પ્રવર્તે છે. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ સરળ અને સહજ બને છે.

આત્માનું સુખ આત્માના મોક્ષ અને મોક્ષમાર્ગમાં છે. સમ્યક્ત્વની પ્રાપ્તિથી જ આત્માનો મોક્ષમાર્ગ અને તેનું સુખ સંભવે છે. સમ્યક્ત્વ વિનાના અને મિથ્યાત્વ સહિતના જીવો સંસારમાં જ રખડે છે અને તેનાં દુઃખો ભોગવે છે. મિથ્યાત્વ મટાડી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો અમૂલ્ય અવસર વર્તમાન મનુષ્યજીવનમાં છે. સમ્યક્ત્વનો એક સમયનો સંગ પણ જીવને અવશ્ય મોક્ષમાં પહોંચાડે છે. તેથી સંસારનો અભાવ કરી મોક્ષની પ્રાપ્તિ માટે સમ્યક્ત્વનું જ સેવન કરવું જોઇએ. કહ્યું પણ છે—

(અનુષ્ટુપ)

સમ્યક્ત્વેન હિ યુક્તસ્ય, ધ્રુવમ્ નિર્વાણ સંગમ : ।
મિથ્યાદૃશોઽસ્ય જીવસ્ય, સંસારે ભ્રમણં સદા ।।

ભાવાર્થ : મિથ્યાદૃષ્ટિ જીવો હંમેશા સંસારમાં જ ભ્રમણ કર્યા કરે છે અને મિથ્યાત્વ મટાડી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાવાળા જીવો સંસારનો અભાવ કરી અવશ્ય મોક્ષનો સંગમ પામે છે. (તત્ત્વામૃત : શ્લોક ૪૧)

## અંતિમ સંદેશ

દરેક જીવનું પ્રયોજન અને પ્રવૃત્તિ દુઃખ મટાડવાની અને સુખ મેળવાની હોય છે. અજ્ઞાની જીવ સાંસારિક સાનુકૂળતાઓ અને સગવડતાઓમાં જ પોતાનું સુખ સમજે છે. પરંતુ ગમે તેટલી સુવિધાઓ હોય તોપણ આ જીવની આકુળતા જરાય ઓછી થતી નથી. તેથી સંસારમાંથી સુખ મેળવવાની માન્યતા મિથ્યા જ જાણવી. અનાદિકાળથી આજ સુધીમાં કોઈપણ પ્રાણી સંસારમાંથી કિંચિત્ પણ સુખ મેળવી શક્યો હોય તેવું બન્યું નથી.

આ જગતમાં એકબીજાના વિરોધી અને વિપરીત એવા બે જ માર્ગ છે— એક સંસારનો અને બીજો મોક્ષનો. અનાદિના સંસારના માર્ગથી પાછા ફરી મોક્ષના માર્ગમાં પ્રવેશવા માટે નાસ્તિથી સંસારદુઃખ અને અસ્તિથી મોક્ષસુખ સમજવું જરૂરી છે. આપણે સંસારનું સ્વરૂપ, સંસારના પ્રકાર, સંસારી જીવોના ભેદ અને તે દરેકનું વર્ણન જોઈ ગયા છીએ. તેમાં બધે દુઃખ, દુઃખ અને દુઃખ જ છે. દુઃખો અનેક પ્રકારના હોય છે. જુદા જુદા પ્રકારના સંસારી જીવોના આધારે જુદા જુદા પ્રકારના દુઃખોનું વર્ણન આપણે જોઈ ગયા છીએ. સમગ્ર સંસાર દુઃખનો જ દાવાનળ છે, દુઃખનો જ દરિયો છે. નાસ્તિથી સંસારમાં દુઃખ છે તો તેથી વિરુદ્ધ અસ્તિથી મોક્ષમાં સુખ છે. નાસ્તિ કરતાં અસ્તિનું મહત્ત્વ અદકેરૂં હોય છે. મોક્ષના સુખની કોઈ ઓળખાણ કે અનુભવ નથી. વળી તે અતીન્દ્રિય હોવાથી વર્તમાન જ્ઞાનનો વિષય પણ નથી તોપણ આગમાનુસાર મોક્ષની સામાન્ય માહિતી તેમ જ મોક્ષસુખનું સ્વરૂપ આપણે જોઈ ગયા છીએ. ઉપરાંત સંસારના કહેવાતા સુખ અને મોક્ષના વાસ્તવિક સુખ વચ્ચનો તફાવત પણ જોયો છે.

દુઃખનું મૂળ કારણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ ટાળ્યા વિના કોઈ પણ પ્રકારનું દુઃખ કિંચિત્ પણ ટળતું નથી. સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ પ્રગટ્યા વિના આત્માનું સાચું સુખ પ્રગટતું નથી. તેથી દુઃખ ટાળી સુખ પ્રગટાવવાનો એક અને માત્ર

એક જ ઉપાય મિથ્યાત્વ ટાળી સમ્યક્ત્વ પ્રગટાવવાનો છે.

સમ્યક્ પ્રગટ કરવાની સઘળી સુલભતા વર્તમાન મનુષ્યજીવનમાં છે. મનુષ્ય સિવાયની દેવગતિ, નરકગતિ અને સંજ્ઞી પંચેન્દ્રિય પશુના ભવમાં પણ સમ્યક્ત્વ સંભવે છે. પણ તે માટે તેણે અગાઉ મનુષ્યભવમાં સમ્યક્ત્વ સંબંધી સંસ્કાર મેળવેલા હોય તે જરૂરી છે. આપણે સમ્યક્ત્વ સંબંધી આત્મલક્ષી સંસ્કાર વિનાના જ હોઈએ અને પારમાર્થિક પંથમાં એકડે એકથી જ કામ કરવાનું હોય તો તેના માટે અત્યારનો મનુષ્યનો ભવ એકદમ [6]*ઉપયુક્ત* છે.

સંસારચક્રમાંથી બહાર નીકળવાનો એકમાત્ર દરવાજો મનુષ્યનો ભવ છે. કોઈ વખતે જીવ મનુષ્યમાંથી ફરીને મનુષ્યનો ભવ પ્રાપ્ત કરે છે. આ રીતે ઉપરાઉપરી આઠ વખત મનુષ્યનો ભવ મળી શકે છે. તોપણ એકંદરે જોઈએ તો એક મનુષ્યનો ભવ મળે છે ત્યારે તેની સામે અસંખ્ય નારકીના, તેનાથી અસંખ્યગણા દેવના અને તેનાથી અનંતગણા તિર્યંચના ભવ કરેલા હોય છે ! આ રીતે બીજા અસંખ્ય અને અનંત ભવ પછી મનુષ્યનો એક ભવ મળે છે. તેથી મનુષ્યનો ભવ અત્યંત દુર્લભ છે. આ દુર્લભ મનુષ્યભવની સફળતા કે સાર્થકતા સમ્યક્ત્વની પ્રાપ્તિમાં છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિમાં સૌથી મોટી અને મૂળભૂત કોઈ બાધા હોય તો તે સંસારમાં સુખબુદ્ધિ છે. સંસારમાં સુખબુદ્ધિ એ ખરેખર પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતા ઈચ્છાનુસારના સાધનમાં સુખ માનવાની ભ્રાંતિ છે. સંસારમાં કહેવાતું સુખ એ મોહજન્ય રતિભાવના એટલે કે રાગના જ પરિણામ છે. કોઈપણ પ્રકારનો રાગ આત્માના સ્વભાવનો ઘાત કરી આકુળતા અને દુઃખ ઉત્પન્ન કરનારો હોય છે. જીવ પોતાના અજ્ઞાનના કારણે જ આવા દુઃખને પણ સુખ સમજી બેસે છે. તેથી તે સાચા આત્મિક સુખના ઉપાયથી અળગો જ રહે છે. આત્મિક સુખના મોક્ષમાર્ગમાં પ્રવેશવા માટે સંસારમાં સુખબુદ્ધિનો ત્યાગ અત્યંત આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ છે. સંસારમાં સુખબુદ્ધિનો ત્યાગ થવો એ મનુષ્યજીવનની મોટી ઉપલબ્ધિ છે. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ થતાં જ આત્માર્થીપણું આવશે અને આત્મલક્ષી સવળો પુરુષાર્થ પ્રગટ થશે. અને તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ સુલભ થશે. કદાચિત્ સમ્યક્ત્વ સુધી ન પહોંચી શકાય તો પણ સમ્યક્ત્વ-સન્મુખતા પ્રગટ થશે. સમ્યક્ત્વ-સન્મુખતા પણ ન થાય તોય સમ્યક્ત્વ સંબંધી સંસ્કાર અવશ્ય પ્રગટ થશે. આવા દૃઢ સંસ્કાર હશે તો પછીના બીજા કોઈ ભવમાં પણ કાર્યકારી બની સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવશે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ અને તેથી થતા આત્મિક અતીન્દ્રિય સુખના આસ્વાદ વિના સાંસારિક સુખ પાછળની દોટ કેમ ટળે ? એવો સવાલ સહેજે થાય છે. પરંતુ આત્મિક સુખની પ્રાપ્તિ વિના પણ તત્ત્વવિચાર અને સાચી સમજણના બળે સૈદ્ધાંતિક રીતે આત્મિક સાચું સુખ ક્યાંય બહારમાં હોતું નથી પરંતુ પોતાના આત્માની અંદરમાં હોય છે તે નક્કી થઈ શકે છે. આવા યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધાનના કારણે અભિપ્રાય અપેક્ષાએ તો સંસારમાં સુખબુદ્ધિ ચોક્કસ ટળી જાય છે. આવા અભિપ્રાયના આધારે સાંસારિક સુખ પાછળની દોટ એકદમ ટળી ન જાય તોપણ તે મંદ જરૂર પડે છે. તેમ જ આત્મિક સુખ માટેનો પ્રયત્ન પણ શરૂ થાય છે. કેમ કે, અભિપ્રાયની પાછળ આચરણ પણ અચૂક આવે જ છે. આ આચરણ પૂરેપૂરું ન આવે તોપણ તે આંશિક રીતે અને ક્રમે ક્રમે તો જરૂર આવે જ છે. પરંતુ અભિપ્રાયમાં જે બાબત ન બેઠી હોય તેનું આચરણ ક્યારેય આવતું નથી. જેમ કે, કોઈને ચા પીવાની કુટેવ હોય પણ તેમાં તેને ખાસ વાંધા જેવું લાગતું ન હોય તો તે તેને છોડી શકતો નથી. પણ તેને એમ જણાય કે આનું કોઈ પૌષ્ટિક મૂલ્ય નથી અને તે પોતાના સમય, શક્તિ અને પૈસાનો દુર્વ્યય જ છે. તેનાથી સ્ફૂર્તિ જણાય છે પણ તેથી મગજની ધોરી નસની કુદરતી સ્થિતિસ્થાપકતા ગુમાવી દેવાય છે. તેથી તેના વિના પોતાને ચેન પડતું નથી અને પોતે તેનો ગુલામ બની જાય છે. વળી તે પોતાના પાચનતંત્રને પણ નુકશાનકારક છે. આ કોઈ સારી ટેવ નથી અને પોતાને શોભાસ્પદ નથી. આ બાબત પોતાના અભિપ્રાયમાં બરાબર બેસે તો તે અનુસારનું આચરણ પણ અવશ્ય આવે જ છે. ચાનું વ્યસન છોડવા માટેનો પોતાનો પ્રયત્ન શરૂ થાય છે અને ગમે તેટલી જૂની કુટેવ હોય તોપણ તે છૂટી જાય છે. આ જ બાબત સાંસારિક સુખ પાછળની દોટને પણ લાગુ પડે છે.

સંસારમાં સુખબુદ્ધિ અભિપ્રાય અપેક્ષાએ ટળી જતા સાંસારિક સુખ માટેના વેપારધંધાનો રસ અને તેની

પ્રવૃત્તિ ઓછી થઈ જાય છે. પરંતુ વેપારધંધાની પ્રવૃત્તિ ઓછી થવાથી પોતાની કમાણી ઓછી થઈ જતી નથી. કેમ કે, આ કમાણી પુણ્યોદયને આધીન હોય છે. જો પુણ્યોદય હશે તો ઓછા પ્રયત્ને પણ વધુ કમાણી થાય છે. તેથી સાંસારિક સુખ પાછળનો પ્રયત્ન ઓછો થવા છતાં સાંસારિક સુખ–સગવડો ઓછી થતી નથી.


ઘણા જ્ઞાની ધર્માત્માઓ ગૃહસ્થદશામાં અનેક પ્રકારના સાંસારિક વૈભવથી વીંટળાયેલા જોવા મળે છે. તીર્થંકર જેવા મહાપુરુષોને મહાન પુણ્યોદયના પ્રતાપે સઘળાં પ્રકારની સુવિધાઓ હોય છે. ધર્માત્મા ચક્રવર્તી છ ખંડનું આધિપત્ય ધરાવે છે અને ૯૬ હજાર રાણીઓના સ્વામી હોય છે. આ બધું હોવા છતાં અભિપ્રાય અપેક્ષાએ તેમાં સુખબુદ્ધિ હોતી નથી. સંસારમાં સુખબુદ્ધિનો અભિપ્રાય ન હોવા છતાં તે અનુસારનું આચરણ એકદમ આવતું નથી. પુરુષાર્થની કમજોરી, કર્મની બળજોરી, અને પૂર્વના સંસ્કારના કારણે જ્ઞાની ધર્માત્મા પણ પોતાની ભૂમિકા અનુસાર સાંસારિક સુખની પ્રવૃત્તિમાં જોવા મળે છે. પણ અંદરથી તેઓ તેનાથી અલિપ્ત હોય છે. પોતાના ઉગ્ર પુરુષાર્થ અને તીવ્ર વૈરાગ્યના બળે એક સમયે તેઓ આ સંસાર અને તેના કહેવાતા સુખને છોડી પણ દયે છે. બહારમાં સંસારના કહેવાતા સુખને છોડવાથી અંદરમાં આત્મિક સુખનો વધારો જ થાય છે.




કેટલાક લોકોનું એવું કહેવું હોય છે કે સંસારમાં સુખબુદ્ધિ ન રાખી સંસાર પ્રત્યે વૈરાગ્ય ધરાવનારો માણસ સાંસારિક કાર્યોમાં પાછળ રહી જાય છે. આવી વ્યક્તિઓને કારણે આપણો દેશ અને સમાજ પછાત છે. પરંતુ આ વાત વ્યાજબી નથી. ખરેખર તો સંસારમાં સુખબુદ્ધિ ન રાખનારા આત્માર્થીઓ આપણા સમાજની શોભા છે. આવા લોકો પોતાના સાંસારિક કાર્યક્ષેત્રમાં નિષ્ઠાવાન હોય છે. તેઓ કામચોરી, કરચોરી, ભેળસેળ, ભ્રષ્ટાચાર, અનીતિ, અન્યાય, અપ્રમાણિકતા જેવા દૂષણોથી દૂર હોય છે. જો કોઈ આવો માણસ શાસનવ્યવસ્થા સંભાળનાર સત્તાધીશ હશે તો તે આદર્શ હશે. જગતમાં આદર્શ શાસનવ્યવસ્થા તરીકે **'રામરાજ્ય'** પ્રસિદ્ધ છે. રામચંદ્ર જ્ઞાની હતા અને કોઈપણ જ્ઞાની વ્યકિતની શાસનવ્યવસ્થા **'રામરાજ્ય'** જ હોય છે. પણ અજ્ઞાનીની કદાપિ નહિ. તેથી સંસારમાં સુખબુદ્ધિ ન ધરાવનાર વ્યક્તિઓને કારણે દેશ અને સમાજ પાછળ રહી જાય છે તેમ માનવું બરાબર નથી.

સંસારમાંથી સુખબુદ્ધિ મટાડવા માટે પૂજ્ય બહેનશ્રી ચંપાબેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલા નાની ઉંમરે લખેલા પત્રો ઘણાં પ્રેરણાપ્રદ છે. તે પત્રો દ્વારા આત્માર્થી જીવનું સંસારના સુખ પ્રત્યેનું વલણ કેવું હોય છે તેનું માર્ગદર્શન મળે છે. આ પત્રોના આશય અનુસાર સંસારાર્થીપણું ટળતા અને આત્માર્થીપણું પ્રગટતા સાંસારિક સુખ સંબંધીની માન્યતા સમૂળગી બદલાઈ જાય છે. સંસારનું વિષયજન્ય સુખ જે શેરડીના સાંઠા જેવું નક્કર અને રસકસવાળું જણાતું હતું તે હવે આત્માર્થીપણું આવતા આકોલિયાના જીંડવા જેવું પોલું અને ફીક્કું જણાય છે. પહેલા જે સોના જેવું ખૂબસૂરત અને મૂલ્યવાન ભાસતું હતું તે હવે ધૂળ જેવું બદસૂરત અને તુચ્છ ભાસે છે. પહેલા જે ચક્રવર્તીનું ભોજન હોય એવી ખીર જેવું લાગતું હતું તે હવે ભૂંડનું ભોજન હોય એવી વિષ્ટા જેવું લાગે છે. પહેલા જે વિષયો પરમ અમૃત તુલ્ય મનાતા હતા તે હવે હળાહળ ઝેર જેવા મનાય છે. અહીં તાત્પર્ય એ છે કે, પહેલાં સંસારમાં સંપૂર્ણ સુખબુદ્ધિ હતી ત્યારે જે વિષયો પરમ અમૃત તુલ્ય જણાતા હતા તે જ વિષયો સુખબુદ્ધિ ક્રમશઃ ઘટતા અનુક્રમે ખીર જેવા, સોના જેવા અને રસકસવાળા જણાય છે. ત્યાર પછી સંસારમાં સુખબુદ્ધિ કે સંસારાર્થીપણું ટળી આત્માર્થીતાનો અંશ પ્રગટતા

તેજ વિષયો ફીક્કા ભાસે છે. આત્માર્થીતાની વધુ મજબૂતાઈ થતા તે ધૂળ જેવા અને પછી વિષ્ટા જેવા ભાસે છે. અને સંપૂર્ણ આત્માર્થીતા આવતાં તે હળાહળ ઝેર જેવા જણાય છે. આ બાબતના આધારે પોતે સંસારાર્થી છે કે આત્માર્થી છે ? અને કયા પ્રકારનો છે ? તેનું માપન પોતે જાતે જ કરી શકે છે. પોતાના અંતરંગમાં સંસારના વિષયો પરમ અમૃત જેવા ભાસતા હોય તો પોતે અવલ નંબરનો A ગ્રેડનો સંસારાર્થી છે. તે વિષયો ચક્રવર્તીના ભોજનની ખીર જેવા જણાય તો સંસારાર્થીપણામાં ઘટાડો થઈ તે B ગ્રેડનો થયો છે. સોના જેવો ભાસે તો C ગ્રેડનો અને શેરડીના સાંઠા જેવો રસકસવાળો ભાસે તો D ગ્રેડનો સંસારાર્થી જાણવો. ત્યારપછી જો આ જ વિષયો આકોલીયાના જીંડવા જેવા ફીક્કા ભાસે તો આત્માર્થીતાના અંશરૂપ D ગ્રેડનું આત્માર્થીપણું પ્રગટ્યું છે તેમ જાણવું. વિષયો ધૂળ જેવા જણાય તો C ગ્રેડનું અને તે જ વિષયો વિષ્ટા જેવા લાગે તો B ગ્રેડનું આત્માર્થીપણું જાણવું અને જો સંસારનું વિષયજન્ય કહેવાતું સુખ પોતાના અભિપ્રાયમાં હળાહળ ઝેર જેવું છે તેમ નક્કી થાય તો પોતે પહેલા નંબરનો કે ટોચનો હોય તેવો A ગ્રેડનો આત્માર્થી છે તેમ જાણવું. આત્માર્થી જીવ આચરણ અપેક્ષાએ સાંસારિક સુખની પ્રવૃત્તિથી નિવૃત્ત હોતો નથી પણ અભિપ્રાય અપેક્ષાએ તેને તેમાં સુખબુદ્ધિ હોતી નથી. સંસારના વિષયજન્ય સુખની પ્રવૃત્તિમાં હોવા છતાં અભિપ્રાય અપેક્ષાએ તો તેના માટે હળાહળ ઝેર જ હોય છે.



સંસારદુઃખ અને મોક્ષસુખ ની સર્વાંગીણ સમજૂતિ તેમજ સંસારદુઃખ ટાળી મોક્ષસુખની પ્રાપ્તિ કરવા માટે મહત્ત્વનું એવું મનુષ્યજીવન અને તેમાંય સઘળાં સાનુકૂળ સંયોગો સંપ્રાપ્ત હોવા છતાં જો સંસારમાંથી સુખબુદ્ધિ ન ટળે તો તે મનુષ્યજીવન ધિક્કારને પાત્ર છે. દુર્લભ મનુષ્યજીવનનો સદુપયોગ સંસારમાંથી સુખબુદ્ધિ ટાળી સમ્યક્ત્વની સાધના માટે કરવો જોઈએ. પણ જે તેને વેપારધંધા અને વિષયકષાયની વ્યર્થ પ્રવૃત્તિમાં ગુમાવી દયે છે તે માણસ મૂર્ખ જ માનવો યોગ્ય છે. જગતમાં આવો માણસ બુદ્ધિશાળી અને વિવેકી મનાતો હોય તોપણ પરમાર્થે તે મૂર્ખ અને અવિવેકી જ છે. પંડિત શ્રી બનારસીદાસના શબ્દોમાં—

**ज्यों मतिहीन विवेक बिना नर, साजि मतंगज ईंधन ढोवै ।**
**कंचन भाजन धूरि भरै शठ, मूढ सुधारस सों पग धोवै ॥**
**बाहित काग उड़ावन कारण, डारि महामणि मूरख रोवै ।**
**त्यों यह दुर्लभ देह 'बनारसि', पाय अजान अकारथ खोवै ॥**

ભાવાર્થ : જેમ કોઈ અજ્ઞાનીને શણગારેલો ઐરાવત હાથી પ્રાપ્ત થાય કે જેનો ઉપયોગ ભગવાનના સમવસરણમાં જઈ દિવ્યધ્વનિના સદુપદેશ વડે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો હોય પણ તે તેનો ઉપયોગ જંગલમાંથી બળતણ માટેનાં લાકડા લાવવા માટે કરે તો તે મતિહીન અને અવિવેકી જ છે.

કોઈ મહારાણી પાસે સુવર્ણનું પાત્ર હોય કે જેનો ઉપયોગ રાજકુમારને પાવા માટેના સિંહણના દૂધને સાચવવા માટે કરવાનો હોય, પણ તે તેનો ઉપયોગ એંઠા વાસણ માંઝવાની રાખ ભરવા માટે કરે તો તે મૂર્ખ જ છે.

કોઈ કોઢિયાને અમૃતનો પ્યાલો મળે કે જેને પીવાથી પોતાનો રોગ દૂર થાય, પણ તે તેનો ઉપયોગ પોતાના પગ ધોવા માટે કરે તો તે પણ મૂર્ખ જ છે.

કોઈ દરિદ્રીને ચિંતામણી પ્રાપ્ત થાય કે જેની પાસે ધનનું ચિંતવન કરતાં જ ધનની પ્રાપ્તિ થાય અને પોતાનું દળદર ફીટી જાય, પણ તે કાગડો ઉડાડવા માટે તેનો વ્યર્થ જ ઉપયોગ કરે અને પાછળથી પસ્તાઈને રોવા બેસે તોપણ તે મૂર્ખ જ છે.

તેમ દુર્લભ મનુષ્યદેહ અને આત્મહિતને સાનુકૂળ સંયોગો હોવા છતાં જે મનુષ્ય સાચા સુખના સ્વરૂપને સમજી સંસારમાંથી સુખબુદ્ધિ ટાળતો નથી અને સાંસારિક વેપારધંધા અને વિષયકષાયના ન કરવા જેવા કાર્યોમાં જ પોતાનો સમય બરબાદ કરે છે તો તે મૂર્ખ જ છે.

(પં.બનારસીદાસકૃત : સૂક્ત મુક્તાવલિ : કડી નં. ૬)

ટિપ્પણ

૧. સાંપ્રતકાળ : વર્તમાનકાળ ●૨. લવલીન : તલ્લીન, નિમગ્ન ●૩. નિતાંત : ખૂબ, અતિશય ૪. પ્રશસ્ત : વિહિત, શાસ્રોક્ત, યોગ્ય. ●૫. અતિક્રમી જવું : ઉલ્લંઘી જવું, ઓળંગી જવું ●૬. ઉદ્યત થવું : પ્રવૃત્ત થવું ●૭. નિરતિચારપણું : આચરણ સંબંધી દોષોથી રહિતપણું ●૮. મિથ્યાવાસના : પૂર્વના ખોટા સંસ્કારોની દૃઢ થયેલી કામના ●૯. ઉપયુક્ત : ઉચિત, અનુકૂળ

## સંદર્ભ સાહિત્ય

**પ્રાસ્તાવિક** ૧ મોક્ષપાહુડ : ગાથા ૮૬ ●૨ શ્રીમદ્‌રાજચંદ્ર : વર્ષ ૩૦મું : પત્રાંક ૭૫૫, પાનું ૫૭૬, ૫૭૭.

**૧. શા માટે સમ્યક્ત્વ જ સુખની પ્રાપ્તિનો એક માત્ર ઉપાય છે ?** ૧. શ્રીમદ્ રાજચંદ્ર : આત્મસિદ્ધિ : ગાથા ૧; ●૨. બહેનશ્રીના વચનામૃત નં. ૨૩૫, ૨૩૬, ૨૮૧, ૨૯૯, ૩૦૮, ૩૬૯, ૩૮૨; ●૩. ભગવતી આરાધના : ગાથા ૭૩૫; ●૪. ચારિત્રપાહુડ : ગાથા ૨૦; ●૫. દર્શનપાહુડ : ગાથા ૨૧; ●૬. રયણસાર : ગાથા ૫૪, ૧૫૮; ●૭. રત્નકરંડ શ્રાવકાચાર : ગાથા ૨૮, ૩૪, ૩૬; ●૮. પદ્મનંદી પંચવિંશતિઃ : અધ્યાય ૧, ગાથા ૭૭; ●૯. જ્ઞાનાર્ણવ : અધિકાર : ૯ : ગાથા ૫૩, ૫૯; ●૧૦. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૩૨૫, ૩૨૬; ●૧૧. અમિતગતિ શ્રાવકાચાર : અધ્યાય ૨, ગાથા ૮૩; ●૧૨. ધર્મામૃત સાગાર : અધિકાર ૧, શ્લોક ૪; ●૧૩. જૈ. સિ. કોશ ભાગ ૪ : સમ્યગ્દર્શન : ઈ/૫/૨, પાનુ ૩૫૫; ●૧૪. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૧૬૧; ●૧૫ પરમાત્મપ્રકાશ : અધ્યાય ૨ : ગાથા ૬૬ની ટીકા; ●૧૬. પ્રવચનસાર : ગાથા ૫૩, ૬૫ થી ૬૭ અને ટીકા; ●૧૭. સમયસાર : ગાથા ૧૦૩ અને તેની ટીકા; પરિશિષ્ટ : પાંચમી સુખ શક્તિ.

**સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે અનિવાર્ય આવશ્યકતાઃ : સંસારમાં સુખબુદ્ધિનો અભાવ** ૧. પંડિત ભૂધરદાસકૃત વૈરાગ્યભાવના ●૨. બહેનશ્રીના વચનામૃત નં. ૬૧, ૨૧૮, ૨૭૮, ૩૪૮, ૩૪૯, ૩૭૧, ૪૧૪, ૪૧૬, ૪૧૯; ●૩. ગુરુદેવશ્રીનાં વચનામૃત નં. ૧૭, ૩૫, ૨૮૬; ●૪. આત્મધર્મ : અંક નં. ૧૨૮ માં છપાયેલ વીરસંવત ૨૪૮૦ ના વૈશાખ સુદ ૭ નું પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીનું લીમડી શહેરનું પ્રવચન.

**સમ્યક્ પ્રાપ્તિનો ક્રમ** ૧. શ્રીમદ્ રાજચંદ્ર : આત્મસિદ્ધિ : ગાથા ૧૧૧; ●૨. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૨૦૦ થી ૨૦૮.

**૧. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ** ૧. શ્રીમદ્ રાજચંદ્ર : મોક્ષમાળા : શિક્ષાપાઠ : ૧૯, ૨૦; પત્રાંક ૮૬, ૧૫૩, ૨૫૪, ૪૧૯ ●૨. બહેનશ્રીના વચનામૃત નં. ૨૭૮, ૪૨૦, ૪૨૧, ૪૨૫; ●૩. કવિ શોભાચંદ ભારિલ્લકૃત સંસારભાવના

**૨. આત્માર્થીપણું** ૧. શ્રીમદ્‌રાજચંદ્ર : આત્મસિદ્ધિ : ગાથા ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૧૩૮; ●૨. બહેનશ્રીના વચનામૃત નં. ૩૬, ૩૮૬, ૩૯૬; ●૩. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૧૨૭.

**૩. ગૃહિત મિથ્યાત્વનો અભાવ** ૧. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૧, સૂત્ર ૮ અને તેની ટીકા; ●૨. ભગવતી આરાધના : ગાથા ૫૬ની ટીકા; ●૩. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૨૭૪; ●૪. ભાગચંદજી છાજડકૃત : સત્તા સ્વરૂપ : પ્રકરણ ૧, પાનુ ૧૭, ૧૮; ●૫. મોક્ષપાહુડ : ગાથા ૯૨, ૯૩.

**૪. પાત્રતા** ૧. બહેનશ્રીના વચનામૃત નં. ૩૬, ૪૨, ૧૩૮, ૧૪૪, ૨૧૫, ૩૮૬, ૩૯૬; ●૨. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૯૩, ૧૨૭, ૨૭૫, ૨૭૬; ●૩. મોક્ષમાર્ગ પ્રકાશક : અધ્યાય ૭, અધ્યાય ૯; ●૪. પુરુષાર્થસિદ્ધિ ઉપાય : ગાથા ૭૪; ●૫ પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૭૨૩, ૭૨૪, ૭૨૫, ૭૨૬; ●૬. સમયસાર : પરિશિષ્ટ : ઉપાય - ઉપેયભાવ, પાનુ ૬૩૨, ૬૩૩; ●૭. શ્રીમદ્ રાજચંદ્ર : આત્મસિદ્ધિ : ગાથા ૩૭, ૩૮, ૧૦૮, ૧૦૯, ૧૩૬, ૧૩૭, ૧૩૮; પત્રાંક ૯૫૫ : મોક્ષમાળા : શિક્ષાપાઠ ૩૪, બ્રહ્મચર્ય વિશે સુભાષિત.

**૫. અગૃહિત મિથ્યાત્વનો અભાવ** ૧. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૮, સૂત્ર ૧ ની ટીકા; ●૨. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૧૦૩૪, ૧૦૩૫ અને તેની મખનલાલકૃત ટીકા; ●૩. પ્રવચનસાર : ગાથા ૮૦, ૮૫, ૮૬, ૨૩૨ થી ૨૩૬ અને તેની ટીકા; ●૪. સમયસાર : ગાથા ૨, ૨૦ થી ૨૨ અને તેની ટીકા; ●૫. મોક્ષપાહુડ : ગાથા ૧૫; ●૬. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૨૭૫, ૨૭૬.

**૬. સ્વ-પરનું ભેદજ્ઞાન** ૧. પ્રવચનસાર : ગાથા ૧૦૬, ૧૯૨, ૨૩૩ અને ટીકા; ●૨. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૪૫, ૧૦૩ અને તેની ટીકા; ●૩. સમયસાર : ગાથા ૧૪, ૧૫, ૩૮, ૭૩, ૧૮૬ અને તેની ટીકા; ●૪. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૧૫૭ થી ૧૭૩; ●૫. બહેનશ્રીના વચનામૃત : નં. ૫૮, ૫૯, ૧૯૭, ૨૮૫, ૩૮૯, ૪૦૪, ૪૨૯; ●૬. ધર્મદાસ ક્ષુલ્લકકૃત : સ્વાત્માનુભવમનન.

**૭. પક્ષાતિક્રાંતપણું** ૧. સમયસાર : ગાથા ૧૪૨, ૧૪૩ અને તેઓની ટીકા; ●૨. બહેનશ્રીના વચનામૃત : નં. ૪૮, ૪૨૨; ●૩. સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક નં. ૬૯;

**૮. સમ્યક્ત્વ** ૧. મૂલાચાર : ગાથા ૧૦૮; ●૨. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૪૭૯, ૪૮૦; ●૩. વસુનંદીશ્રાવકાચાર : ગાથા ૪૮; ●૪. સમયસાર ગાથા ૧૪૪ અને તેની ટીકા; ●૫. સમ્યક્ત્વ - સાધના : પૂજ્ય બહેનશ્રીની આંતરિક અવલોકનની નોંધો : પાનુ ૫૨ થી ૫૬; ●૬. નિયમસાર : ગાથા ૯૦.

**ઉપસંહાર** ૧. તત્ત્વામૃત : શ્લોક ૪૧

**અંતિમ સંદેશ** ૧. પંડિત બનારસીદાસ કૃત : સૂક્તમુક્તાવલિ.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં☐ ચોરસમાં દર્શાવો.**

**૧. અનાદિકાળથી આજ સુધીમાં આ જીવે પોતાનું દુઃખ દૂર કરવા માટે કયો ઉપાય કર્યો નથી ?** ૧.☐
A. સમ્યક્ત્વ પ્રાપ્તિના B. ભગવાનની ભક્તિનો
C. હોમ-હવનાદિનો D. ઈચ્છાનુસારના સાધનનો

**૨. આ જીવે પાર વિનાના દુઃખો ભોગવ્યા છે તેનું કારણ શું ?** ૨.☐
A. નિર્ધનપણું B. શુદ્ધાત્મસ્વરૂપની અણસમજણ
C. પાપનો ઉદય D. ગૃહસ્થજીવન

**૩. કઈ બાબત પોતાની પરિણતિમાં સુખની ઉત્પત્તિ કરાવે છે ?** ૩.☐
A. પુણ્યનો ઉદય
B. ઈચ્છિત વિષયોનો ભોગવટો
C. સુખ સ્વભાવનો સ્વીકાર અને આશ્રય
D. કષાય અનુસારનું કાર્ય

**૪. કયા જીવનું ભવિતવ્ય દુઃખરૂપ હોય છે ?** ૪.☐
A. નિત્યનિગોદના જીવનું
B. અજ્ઞાની જીવનું
C. અભવ્ય જીવનું
D. કોઈપણ જીવનું ભવિતવ્ય દુઃખરૂપ હોતું નથી

**૫. પોતાનું ભવિતવ્ય કયા પ્રમાણે હોય છે ?** ૫.☐
A. સર્વજ્ઞના જ્ઞાન પ્રમાણે
B. પોતાના ભાગ્ય પ્રમાણે
C. કાળલબ્ધિ પ્રમાણે
D. પોતાના પુરુષાર્થ પ્રમાણે

**૬. સુખ સાથે અભિન્ન શું હોય છે ?** ૬.☐
A. સમ્યક્ત્વ B. પુણ્યનો ઉદય C. દુઃખ D. જ્ઞાન

**૭. સંત કોણ છે ?** ૭.☐
A. સાધુનો વેષ ધરાવનાર
B. મહાન પુણ્યશાળી
C. સંસારનો અંત આણનાર
D. ધર્મોપદેશ આપનાર

**૮. સંસારમાં સુખબુદ્ધિનો ત્યાગ થતાં સહજપણે શું પ્રગટે છે ?** ૮.☐
A. સંસારનો ત્યાગ B. સાંસારિક સુખ
C. સંસારનો વૈરાગ્ય D. સંસારમાં પ્રસિદ્ધિ

**૯. કઈ બે બાબત એક સાથે સંભવતી નથી ?** ૯.☐
A. પુણ્યોદય અને પાપોદય
B. સંસારાર્થીપણું અને આત્માર્થીપણું
C. ગૃહસ્થજીવન અને સમ્યગ્દર્શન
D. લક્ષ્મી અને સરસ્વતી

**૧૦. સુખના બે પ્રકાર કયા છે ?** ૧૦.☐
A. સુખના કોઈ પ્રકાર નથી

B. ઈન્દ્રિયસુખ અને અતીન્દ્રિય સુખ
C. લૌકિક સુખ અને પારમાર્થિક સુખ
D. ભૌતિક સુખ અને આધ્યાત્મિક સુખ

**૧૧. સમ્યક્ત્વ ઉપરાંત આત્માર્થીપણાની યોગ્યતાને પણ રોકનાર મિથ્યાત્વ કયું ?** ૧૧. ☐
A. સંસારમાં સુખબુદ્ધિ B. દેહમાં મમત્વ
C. પરપદાર્થનું કર્તુત્વ D. પર્યાયદષ્ટિ

**૧૨. કોનો ત્યાગ કરવાથી સંસારમાં સુખબુદ્ધિનો ત્યાગ થાય છે ?** ૧૨. ☐
A. સંસારનો ત્યાગ
B. સંસારમાં સુખ માનવાની માન્યતાનો ત્યાગ
C. સાંસારિક સુખનો ત્યાગ
D. સાંસારિક પરિગ્રહોનો ત્યાગ

**૧૩. સમ્યક્ત્વ પ્રાપ્તિના ક્રમનું સૌ પ્રથમ સોપાન કયું ?** ૧૩. ☐
A. પાત્રતા
B. સ્વ-પરનું ભેદજ્ઞાન
C. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ
D. આત્માર્થીપણું

**૧૪. આત્માર્થીપણાની ઓળખાણ શું ?** ૧૪. ☐
A. આત્મિક સુખનો અનુભવ
B. દેવ-ગુરુ ની ભક્તિ
C. સંસારનો ખરેખરો ત્રાસ
D. શાસ્ત્રનો અભ્યાસ

**૧૫. કુદેવાદિનો વિનય કરવાથી શું નુકશાન છે ?** ૧૫. ☐
A. કોઈ નુકશાન નથી
B. સત્‌દેવાદિનું મહત્વ ઘટી જાય
C. પુણ્યનો રસ ઘટે અને પાપનો રસ વધે
D. મિથ્યાત્વનું પોષણ થાય

**૧૬. અગૃહિત મિથ્યાત્વ પૈકી સૌપ્રથમ કયું ટળે કે જેથી બીજા મિથ્યાત્વ ટળી શકે ?** ૧૬. ☐
A. તત્ત્વની અસમજણ B. પુણ્યમાં ઉપાદેયપણું
C. દેહમાં મમત્વ D. સંસારમાં સુખબુદ્ધિ

**૧૭. ભેદજ્ઞાનનો વિષય શું છે ?** ૧૭. ☐
A. સ્વભાવ અને વિભાવ
B. આત્મા અને શરીર
C. આત્મા અને પૌદ્‌ગલિક કર્મનો બંધ
D. આત્મા અને તેની અવસ્થા

**૧૮. જેટલા અંશે ભેદજ્ઞાન થાય તેટલા અંશે શું થાય છે ?** ૧૮. ☐
A. મિથ્યાત્વની મંદતા B. ઉપયોગની સૂક્ષ્મતા
C. વિકલ્પોનો વિરામ D. અનંતાનુબંધીનો અભાવ

**૧૯. પક્ષાતિક્રાંતપણામાં કોનાથી અતિક્રાંતપણુ નથી ?** ૧૯. ☐
A. અમુક પ્રકારના વિકલ્પોથી
B. નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધાત્માના આશ્રયથી
C. નિશ્ચયનયના પક્ષપાતથી
D. વ્યવહારના પક્ષપાતથી

**૨૦. પક્ષાતિક્રાંતપણાનું ફળ શું ?** ૨૦. ☐
A. સ્વ-પરનું ભેદજ્ઞાન
B. સમ્યક્ત્વની સન્મુખતા
C. શુદ્ધનયના વિષયનું અતિક્રાંતપણુ
D. અતીન્દ્રિય આનંદ

**૨૧. અનાદિ અજ્ઞાની જીવે કઈ ભાવના ભાવી નથી ?** ૨૧. ☐
A. સમ્યક્ત્વની ભાવના B. મિથ્યાત્વની ભાવના
C. રાગની ભાવના D. સાંસારિક સુખની ભાવના

**૨૨. સમ્યક્ત્વનો સંગ શેનો સંગ કરાવે છે ?** ૨૨. ☐
A. તીર્થંકરપદનો B. મોક્ષનો
C. અપ્સરાઓનો D. સાંસારિક સુખનો

**૨૩. અનાદિથી આજ સુધીમાં આ સંસાર પરિભ્રમણમાં અજ્ઞાનીને શેની પ્રાપ્તિ થઈ નથી ?** ૨૩. ☐
A. શાશ્વત જિનપ્રતિમાના દર્શનની
B. વીતરાગી દેવ-ગુરુ-ધર્મની
C. આત્મિક સુખની
D. સાક્ષાત્ જ્ઞાનીની દેશનાની

**૨૪. સંસારચક્રમાંથી બહાર નીકળવાનો એકમાત્ર દરવાજો શો છે ?** ૨૪. ☐
A. અહમિન્દ્રની પદવી B. દુર્ધર તપશ્ચર્યા
C. મનુષ્યનો ભવ D. ભગવાનની ભક્તિ

**૨૫. સમ્યક્ત્વની પ્રાપ્તિમાં સૌથી મોટી અને મૂળભૂત બાધા કઈ છે ?** ૨૫. ☐
A. નિકાચિત કર્મ
B. પંચમકાળનો જન્મ
C. પાપનો ઉદય
D. સંસારમાં સુખબુદ્ધિ

**૨૬. સંસારમાં સુખબુદ્ધિ એ શું છે ?** ૨૬. ☐
A. સંસારમાં સુખ એ વાસ્તવિકતા છે
B. સાંસારિક સુખ મેળવવાનું પ્રેરક બળ
C. એક પ્રકારનું ગૃહિત મિથ્યાત્વ
D. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતા ઈચ્છાનુસારના સાધનમાં સુખ માનવાની ભ્રાંતિ

**૨૭. મનુષ્યજીવનની મોટી ઉપલબ્ધિ કઈ ?** ૨૭. ☐
A. સઘળા પ્રકારના ભોગોપભોગની પ્રાપ્તિ
B. ચક્રવર્તીપદની પ્રાપ્તિ
C. સંસારમાં સુખબુદ્ધિનો ત્યાગ
D. પાંચ ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ

**૨૮. કેવા માણસો આપણા સમાજની શોભા છે ?** ૨૮. ☐
A. મોટા ઉદ્યોગપતિઓ B. સમાજસેવી નેતાઓ
C. આત્માર્થી મુમુક્ષુઓ D. મહાન કલાકારો

**૨૯. કોની શાસન વ્યવસ્થા 'રામરાજય' હોય છે ?** ૨૯. ☐
A. ભણેલગણેલ અને વહીવટી નિષ્ણાતની
B. આત્મજ્ઞાની ધર્માત્માની
C. પ્રખર વકતા અને કુશળ નેતાગીરી ધરાવનારની
D. રાજકારણ અને કાવાદાવામાં નિષ્ણાંત હોય તેની

**૩૦. સંપૂર્ણ આત્માર્થીતા ધરાવનારના અભિપ્રાયમાં સાંસારિક વિષયો કેવા હોય છે ?** ૩૦. ☐
A. હળાહળ ઝેર જેવા
B. રસકસ વિનાના ફીકકા
C. ધૂળ જેવા તુચ્છ
D. પરમ અમૃત તુલ્ય

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.**

૧. શેનો ઉપાય કરવાથી જીવ હંમેશા સુખી જ થયા છે ?
૨. સુખ સંબંધી સઘળી શંકાઓ તેની પ્રાપ્તિનો ઉપાય શો દર્શાવે છે?
૩. કઈ બાબત જીવના સુખ સ્વભાવને બતાવે છે ?
૪. કઈ બાબત પોતાના ભવ્યપણાને પ્રસ્થાપિત કરે છે ?
૫. કયા કારણે પોતે દુ:ખી છે તેમ માનવું વ્યાજબી છે ?
૬. પોતાનો પુરુષાર્થ કેવો છે ?
૭. ક્યારે પોતાનું ભવિતવ્ય દુ:ખરૂપ બની શકે નહિ ?
૮. કેટલીક વખત પાપનો ઉદય પણ જીવને સાચા સુખની પ્રાપ્તિનું કારણ કઈ રીતે બને છે ?
૯. આત્માનો ક્યો સ્વભાવ તેના સુખ સ્વભાવને સ્થાપનારો છે ?
૧૦.આત્માનું જ્ઞાન, શ્રદ્ધાન, આચરણ શું છે ?
૧૧.તીર્થંકર જેવા મહાપુરુષો સંસારનો ત્યાગ કરે છે તે શું બતાવે છે ?
૧૨.સમ્યક્ત્વપ્રાપ્તિની યોગ્યતા, પાત્રતા, આવશ્યકતા કે અનિવાર્યતા શું છે ?
૧૩.શું બન્યા સિવાય આત્માના મોક્ષમાર્ગ અને તેના સુખની પ્રાપ્તિ થતી નથી ?
૧૪.પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રરૂપિત કયાં સિદ્ધાંતમાં સમ્યક્ત્વપ્રાપ્તિના બધાં પગથિયા આવી જાય છે ?
૧૫.સંસારમાં સુખબુદ્ધિનો અભાવ એટલે શું ?
૧૬.સંસારમાં સુખબુદ્ધિનો અભાવ કઈ રીતે થાય છે ?
૧૭.સંસારમાં સુખબુદ્ધિના અભાવનું લક્ષણ કે તેને ઓળખવાનો ઉપાય શો છે ?
૧૮.મહાન તીર્થંકરો અને ચક્રવર્તીઓ શેનો ત્યાગ કરે છે ? શા માટે ?
૧૯.આત્માર્થીપણું એટલે શું ?
૨૦.આત્માર્થીનું સ્વરૂપ શું છે ?
૨૧. શું ટળે તો અને તો જ આત્માર્થીપણું આવે ?
૨૨.આત્માર્થીપણાની ઓળખાણ શું છે ?
૨૩.ગૃહિત મિથ્યાત્વનો અભાવ કઈ રીતે થાય છે ?
૨૪.ગૃહિત મિથ્યાત્વના અભાવનું સ્વરૂપ શું છે ?
૨૫.ગૃહિત મિથ્યાત્વના અભાવનું લક્ષણ શું છે ?
૨૬.પાત્રતા એ શું છે ?
૨૭.પાત્રતાનું સ્વરૂપ શું છે ?
૨૮.પાત્રતા કઈ રીતે પ્રગટે છે ?
૨૯.પાત્રતાની ઓળખાણ શી છે ?
૩૦. કઈ બાબત પાત્રતાને અટકાવનારી છે ?
૩૧.અગૃહિત મિથ્યાત્વ કોને કહે છે ?
૩૨.અગૃહિત મિથ્યાત્વ કઈ રીતે ટળે છે ?
૩૩.અગૃહિત મિથ્યાત્વનો અભાવ કરવા માટે કોનું સ્વરૂપ જાણવું
૩૪.ભેદજ્ઞાન કોને કહે છે ?
૩૫.ભેદજ્ઞાન નો વિષય શું છે ?
૩૬.ભેદજ્ઞાનથી શેની ઉપલબ્ધિ છે ?
૩૭.પક્ષાતિક્રાંતપણું કોને કહે છે ?
૩૮.પક્ષાતિક્રાંતપણાની ઓળખાણ શી છે ?
૩૯.સમ્યક્ત્વ કોને કહે છે ?
૪૦.મિથ્યાત્વની ભાવના અને સમ્યક્ત્વની ભાવના એ શું છે ?
૪૧.કેવા મનુષ્યો આપણા સમાજની શોભા છે ?

**નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

૧. કયાં પ્રકારના દુ:ખ કયા પ્રકારના ઉપાયથી દૂર થતા નથી કે જેને કારણે સ્વીકારવું પડે છે કે દુ:ખ દૂર કરવાનો ઉપાય કોઈ જુદો જ છે ?
૨. શા માટે દુ:ખ પોતાનો સ્વભાવ નથી ?
૩. શા માટે આ જીવ દુ:ખી થવા માટે સર્જાયેલો નથી ?
૪. શા માટે પોતાનું ભવિતવ્ય દુ:ખરૂપ હોતું નથી ?
૫. કઈ રીતે પાપકર્મના ફળરૂપે દુ:ખ ભોગવવું જરૂરી નથી ?
૬. આત્મા સુખ સ્વભાવી છે તેમ કઈ રીતે નક્કી થાય છે ?
૭. સુખ કે દુ:ખ પોતાના જ પરિણામ છે તે કઈ રીતે નક્કી થાય છે ?
૮. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ થતા કઇ બાબત પ્રગટે છે ? કઈ રીતે ?
૯. સુખ કેટલી જાતના હોય છે ? શા માટે ?
૧૦. સમ્યક્ત્વ પ્રાપ્તિના ક્રમમાં અનુક્રમે કઇ બાબતો છે ?
૧૧. સમ્યક્ત્વ પ્રાપ્તિના ક્રમમાં 'સંસારમાં સુખબુદ્ધિનો અભાવ' વિષે માહિતિ આપો.
૧૨. કઈ બાબત સંસારમાં સુખબુદ્ધિના અભાવને અટકાવનારી છે ? આવો અટકાવ કઈ રીતે અટકે ?
૧૩. કઈ બાબત આત્માર્થીપણાની પ્રગટતાને અટકાવનારી છે ? આવો અટકાવ કઈ રીતે અટકે ?
૧૪. આત્માર્થીપણું પ્રગટાવવા માટે કોના યોગને શોધવો જોઈએ ?
૧૫. ગૃહિત મિથ્યાત્વ કોને કહે છે ? તેના પ્રકાર જણાવો ?
૧૬. કુદેવાદિના નિમિત્તે અગૃહિત મિથ્યાત્વનું પોષણ થઈ ગૃહિત મિથ્યાત્વ કઈ રીતે થાય છે ?
૧૭. ગૃહિત મિથ્યાત્વને કઈ રીતે ઓળખી શકાય છે ?
૧૮. કઈ બાબત ગૃહિત મિથ્યાત્વના અભાવને અટકાવનારી છે ? આવો અટકાવ કઈ રીતે અટકે ?
૧૯. પાત્રતાની સમજૂતી આપો.
૨૦. પાત્રતાનું મહત્વ સમજાવો.
૨૧. અગૃહિત મિથ્યાત્વની સમજૂતી અને તેના પ્રકારો જણાવો.
૨૨. અગૃહિત મિથ્યાત્વના લક્ષણો જણાવો.
૨૩. દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મ એટલે શું ?
૨૪. શા માટે જૈન દર્શન સિવાય અન્ય દર્શનમાં ભેદજ્ઞાનની સંભાવના નથી ?
૨૫. શા માટે ભેદજ્ઞાન એ જ સાચું જ્ઞાન છે ?
૨૬. પક્ષાતિક્રાંતપણાની સમજૂતી આપો.
૨૭. પક્ષાતિક્રાંતપણાનું સ્વરૂપ સમજાવો.
૨૮. પક્ષાતિક્રાંતપણું કઈ રીતે પ્રગટે ?
૨૯. સમ્યક્ત્વની સમજૂતી આપો.
૩૦. સમ્યક્ત્વનું સ્વરૂપ સમજાવો.
૩૧. સમ્યક્ત્વની ઓળખાણ શું છે ?
૩૨. સમ્યક્ત્વના કારણે શેની પ્રગટતા છે ?
૩૩. આત્મિક અતીન્દ્રિય સુખના આસ્વાદ વિના સાંસારિક સુખ પાછળની દોટ કેમ ટળે ?
૩૪. સંસારમા સુખબદ્ધિ ક્રમશઃ ટળી જતા તેનું ફળ શું આવે ?
૩૫. પંડિત બનારસીદાસના શબ્દોમાં ક્યો માણસ મૂર્ખ છે ?

## વિદ્યાર્થીઓની જૂથપ્રવૃત્તિ

૧. પ્રકરણની રૂપરેખામાંથી કોઈ એક મુદ્દો પસંદ કરી તેના ઉપર પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. 'અંતિમ સંદેશ'ના આધારે સંવાદ તૈયાર કરી તે ભજવો.
૩. પ્રકરણમાં આવતા પદ્યોનું સમૂહ ગાન કરો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. પુસ્તકનું માળખું, તેના વિભાગો અને તેમા આવતી વિગતોની માહિતિ આપી સમગ્ર પુસ્તકનો સાર અને આશય સમજાવો.
૨. પુસ્તકના અભ્યાસ દ્વારા સંસારદુ:ખ અને મોક્ષસુખની સમજણ તેમ જ સંસારમાં સુખબુદ્ધિનો અભાવ કોને ક્યા પ્રકારે થયો તેની ચકાસણી કરો.
૩. પુસ્તકના સર્વાંગીણ અભ્યાસનું મહત્વ સમજાવી તે માટેની પ્રેરણા આપો.